
ॐ

॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય





વર્ષ - ૨૯ (એપ્રિલ, મે, જૂન)
VOL - XXIX 2013-14 ISSUE-IV
માનદ તંત્રી : નૈષધ વ્યાસ
સંકલન : ડૉ. સ. સ. ભિક્ષુ

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

## - : નારી યૌન શોષણ વિષે : -

**॥ યત્ર-યત્ર પૂજયન્તે નાર્યઃ (નારી), તત્ર-તત્ર વસન્તિ દેવતા ॥**

એટલે કે, જ્યાં જ્યાં નારીની પૂજા થાય છે, ત્યાં-ત્યાં દેવોનો વાસ છે.

નારીની પૂજા એટલે શું? અબીલ, ગુલાલ, કંકુ, ચોખા વગેરે નારીના માથે ચડાવવા તેવી પૂજાની અહીં વાત નથી. અહીં વાત છે નિર્વાસનિકતાની, નારીને વાસનારહિત થઈને જોવી, નિર્વિકાર ભાવે નીરખવી, તેનામાં માતા-બહેન જેવી ભાવના રાખવી, તેની સાથે ખૂબ સન્માનથી વર્તવું વગેરે વગેરે.

દેવાનો વાસ એટલે? એટલે ત્યાં સુખ-શાંતિનો વાસ થાય છે, સંપ અને આરોગ્યનો નિવાસ થાય છે. ત્યાં નારી-યૌન-શોષણના પરિણામે સમાજમાં જે અવ્યવસ્થા અને અસ્થિરતાનો ભૂકંપ આવે છે તે નથી આવતો; તથા કોર્ટ-કચેરીઓના ધક્કાઓ અને બદનક્ષીમાંથી બચી જવાય છે અને પરસેવાની કમાણીના લાખો રૂપિયાનું આંધણ નથી થતું.

બચપણથી જ જેઓ ઉપરોક્ત સુસંસ્કરોમાં ઊછરે છે તેઓને પછીના જીવનમાં પણ નિર્દોષ રીતે અને સંયમપૂર્વક જીવવામાં કશી મુશ્કેલી નથી પડતી, સંસ્કારો તેઓને સાથ આપે છે અને તેથી તેઓ દ્વારા નારી-યૌન-શોષણના મામલા નથી બનતા અથવા તેવા મામલા બનવાની સંભાવનાઓ ખૂબ ઘટી જાય છે. અને તેવા મામલા આપોઆપ સુલઝાઈ પણ જાય છે કે જે મામલા હાલમાં દેશ માટે ઘણા મોટા પ્રાણપ્રશ્નો બની ગયા છે.

તન-મન-ધનથી શુદ્ધ સમાજની રચના કરવા માટે, બચપણથી જ સાત્ત્વિક-પવિત્ર સંસ્કારો આપવા અને ''વસુધૈવ કુટુમ્બકમ્''ની ભાવના સીંચવી એ આર્ષ સંસ્કૃતિની અદ્વિતીય ભેટ અને આર્ય સંસ્કૃતિની વિશિષ્ટ રીત છે.

**પ્રબલા જીવન વાહ ! તેરી અમર કહાની;**
**આંચલ મેં હે બુદ્ધ, ઔર આંખો મેં હૈ ભવાની!**

**સંતાનમાં સુગંધ આવે ક્યાંથી મા-બાપની? દૂધ પામે ડબ્બાનું, તાલીમ પામે પાપની!**
**સંતોથી સંસ્કાર આપો, ગામેગામ ગુરુકુલ સ્થાપો;કહે ''ભિક્ષુ'' ખાતરી રાખો, પુત્રનું સુખ, તો જ ચાખો.**

-યોગભિક્ષુ

### વિચારવા જેવું :

**૧. વંશ વધારવા માટે અર્થાત્ વંશને આગળ ચાલુ રાખવા માટે જ પરણવાનું છે.**
**૨. સ્ત્રી-પુરુષના સંબંધથી જ વંશ વધી શકે.**
**૩. પુરુષ સાથે પુરુષના અને સ્ત્રી સાથે સ્ત્રીના સંબંધથી વંશ કદી વધી ન શકે.**
**૪. જો, કોઈ જ વંશ ન વધારે તો, એક કાળ એવો આવે કે જગત ઉપરથી મનુષ્યનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય !**
**૫. મનુષ્યનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય એવું કયા મનુષ્યને ગમે ? કોઈ પણ મનુષ્યને નહિ.**
**૬. ઉપરોક્ત બધું, પૂર્વગ્રહથી મુક્ત થઈને વિચારવા જેવું છે.**

**– યોગભિક્ષુ**

### ઓમ્ પરિવારના ઉત્સવ

| | | |
|---|---|---|
| હનુમાન જયંતી નિમિત્તે | અનિલભાઈ ગોવિંદભાઈ એન. પ્રજાપતિ<br>સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી,<br>અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૧૩. | ૨૦-૦૪-૨૦૧૪<br>રવિવાર,<br>સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ |

// ૐ //

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું બહુજનહિતાય-બહુજનસુખાય

## શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ ૮૫મું

### પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

સંકલન - શશિકાંત પટેલ

*ઓમ્ પરિવારના આધ્યાત્મિક વડા તથા ભક્તોના હૃદયમાં સદાસર્વદા બિરાજમાન પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજને ચોર્યાસી વર્ષ પૂરાં થયાં. અને પંચાસીમું વર્ષ શરુ થયું. તે નિમિત્તે પ.પૂ. ગુરુદેવશ્રીની અસીમ કરુણાના પ્રતાપે સૌ ભક્તોએ પૂજ્યશ્રીના પંચાસીમા વર્ષને* **શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ** *તરીકે ઊજવવાનો દિવ્ય સંકલ્પ કર્યો. પૂજ્યશ્રીની જન્મતિથિ વદ દશમ અને જન્મતારીખ સત્તાવીસ હોવાથી દર મહિનાની વદ દશમે ઓમ્ પરિવાર ટ્રસ્ટની ઓફિસે સાંજે ચારથી રાતના બાર સુધી ગુરુમહિમાના અખંડ પાઠ કરવાનું, દર મહિનાની સત્તાવીસ તારીખે જુદા જુદા ભક્તોના ઘરે સ્વાધ્યાય-સત્સંગ, આદ્યગુરુદેવ અભિષેકયજ્ઞ તથા વિડિયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા પૂજ્યશ્રીના આશીર્વચનનું આયોજન કરવામાં આવ્યું. સૌએ ભેગાં મળી "ઓમ્ ગુરુઓમ્" મંત્રના ઓછામાં ઓછા સાડાઆઠ કરોડ મંત્રજાપ વિશ્વશાંતિ અર્થે કરવાનું નક્કી કરવામાં આવ્યું. આમ, વર્ષ દરમ્યાન વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમોનું લોકકલ્યાણ માટે આયોજન કરવાનું નક્કી થયું. તેના અનુસંધાનમાં તા. ૨૭-૩-૨૦૧૩ના રોજ પ.પૂ. ગુરુદેવની યોગસાધના ભૂમિ-તપો ભૂમિ જ્યાં છે તે ખંડેરાવપુરા ગામ, તા. કડી મુકામે શ્રી બલદેવભાઈ પટેલના ઘરે સ્વાધ્યાય-સત્સંગ-આદ્યગુરુદેવ અભિષેકયજ્ઞ તથા આશીર્વચનનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ-ભક્તો ઉપર પૂજ્યશ્રીએ આશીર્વચનની અલૌકિક કૃપા વરસાવી તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.*

**પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન**

**તા. ૨૭-૩-૨૦૧૩ - ખંડેરાવપુરા**

*સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.*

*સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ.*

*પરમાત્માની અસીમ કૃપાથી તમે સૌએ ગુરુદેવના આખા પંચાસીમા વર્ષને "ગુરુદેવ શુભેચ્છાવર્ષ" તરીકે ઊજવવાનો સુસંકલ્પ કર્યો છે તે નિમિત્તે લોકકલ્યાણની દિવ્ય ભાવનાથી આખા વર્ષ દરમ્યાન વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કર્યું છે. તેના સંદર્ભમાં આજે તમે સૌ સાત્ત્વિક કાર્યક્રમમાં ભાગ લેવા પ્રેમપૂર્વક ઉપસ્થિત થયા છો. વળી, આજનો દિવસ પણ કેવો શુભ છે! આજે મોટી પૂનમ છે. ડાકોરમાં રણછોડજીના મંદિરમાં ખૂબ મોટા પાયે આજના દિવસે ઉજવણી થાય છે. આમ, અનાયાસે જ આજના શુભ દિવસે આ કાર્યક્રમનો સુમેળ થઈ ગયો. સામાન્ય સંજોગોમાં આપણે ઘણો પ્રયત્ન કરીએ પણ કોઈ ને કોઈ કારણસર આવો સુમેળ ન સધાય. પરંતુ, આપણે જ્યારે કોઈ પણ કાર્ય નિઃસ્વાર્થભાવે લોકકલ્યાણની સદ્‌ભાવનાથી કરીએ ત્યારે પરમાત્માની કૃપાથી અક્કર-ચક્કરમાંથી આવો સુમેળ સધાઈ જાય. વળી, તમે સૌ અત્યારે જે કાર્યક્રમનો સાત્ત્વિક લાભ ખંડેરાવપુરાની ભૂમિ ઉપર લેવા ભેગા થયા છો તે તમારા માટે તીર્થભૂમિ સમાન છે. તે ભૂમિ ઉપર અમે વર્ષો સુધી યોગસાધના કરેલી. આમ તે અમારી તપોભૂમિ છે. પોતાના ગુરુદેવની તપોભૂમિ તે શિષ્યો-ભક્તો માટે મહાતીર્થ સમાન કહેવાય. તે તપોભૂમિ ઉપર તમે સૌ*

*અત્યારે બેસીને અમારાં આશીર્વચન સાંભળી રહ્યા છો. દર શિયાળામાં કડકડતી ઠંડીમાં ચાર મહિના અમે અહીં ખેતરમાં યોગસાધના કરતા. સાધના સાથે સંલગ્ન રહી ચાલુ સંસારવહેવારનાં કાર્યો પણ કરતા. તે રીતે અમે આ ભૂમિ ઉપર વર્ષો સુધી યોગનો અભ્યાસ કર્યો. સાધના કરવા માટે અર્થાત્ કલ્યાણપથમાં આગળ વધવા માટે જરૂરી છે તીવ્ર ઈચ્છાશક્તિ, દૃઢ મનોબળ. તે માટે સંસાર છોડવાની કાંઈ જરૂર નથી. આપણે સંસારમાં જીવી રહ્યા છીએ. તેથી આપણે સંસારધર્મથી મોઢું ફેરવી લેવું જોઈએ નહીં. તે તો કાયરનું કામ છે. વીરલા તો તે છે કે જે સંસારવહેવાર પ્રત્યેની પોતાની ફરજ પૂરેપૂરી નિભાવે અને સાથે સાથે મનુષ્યજન્મને સાર્થક કરવા માટે જરૂરી સાધન-ભજન પણ ખંતથી કરે. આમ કરતાં આપણને એ વાતનું સતત સ્મરણ રહેવુ જોઈએ કે મનુષ્યજીવનમાં મુખ્ય શું છે અને ગૌણ શું છે. મનુષ્યજન્મની સાર્થકતા માટે આચરવામાં આવતાં યોગ્ય સાધન-ભજન તે મુખ્ય છે. અને સંસારવહેવારનાં કાર્ય ગૌણ છે. તેથી આપણે જ્યારે સંસારવહેવારમાં લાગેલા હોઈએ ત્યારે પણ મનુષ્યજીવનની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષની પ્રાપ્તિના મુખ્ય લક્ષ, વિચાર-વાણી-વર્તનથી સતત સ્મરણ રહેવું જરૂરી છે. તેથી કહ્યુ છે કે,*

**"સંસારમાં સરસો રહે, એનું મનડું મારી પાસ;**
**શ્રી કૃષ્ણ અર્જુનને કહે, એને સમજુ મારો દાસ."**

*શું કહ્યું? "સંસારમાં સરસો રહે, એનું મનડું મારી પાસ". આપણે ગૃહસ્થધર્મ અપનાવ્યો છે, તેથી ગૃહસ્થ તરીકેની આપણી સંસારવહેવારની જે કાંઈ ફરજો છે તેને પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક બજાવવાની છે. તે માટે સહેજ પણ ઉદાસીન ભાવ રાખવાનો નથી. તેની સાથે સાથે મનુષ્યજન્મને સાર્થક કરવા માટે સતત જાગૃત રહી તેને અનુરૂપ સત્કર્મોરૂપી સાધન-ભજન પણ પૂરેપૂરી નિષ્ઠાથી કરતા રહેવાનું છે.*

*આમ, કલ્યાણપથમાં આગળ વધવા આપણે મન-વિચાર-વાણી-વર્તનથી સતત પરમાત્મા સાથે જોડાયેલા રહેવાનું છે. પછી ભલેને આપણે સંસારવહેવારની આપણી ફરજ અદા કરતા હોઈએ. આમ, વહેવાર અને પરમાર્થ બન્નેમાં સમજણ પૂર્વક નિપુણતાથી જીવન જીવીએ તો આવું જીવન જીવનારને પરામાત્માનો સાચો દાસ-ભક્ત-સાધક કહેવામાં આવ્યો છે. આ બધી વાતો તમે વર્ષોથી પ્રસંગોપાત્ત સાંભળી રહ્યા છો. આ વાતોને તમે સૌ કેટલી હદે જીવનવહેવારમાં મૂકો છો, તેને અનુરૂપ જીવન જીવો છો, તે માટે તમારામાં કેટલી તત્પરતા અને પ્રેમ છે તે મુખ્ય છે. આ બધી વાતો સાંભળીએ તો ખરા, પણ એક કાન વડે સાંભળી બીજા કાને કાઢી નાંખીએ. તે મુજબ જીવનમાં આચરણ કરીએ નહીં, તો આપણે ઠેરના ઠેર જ રહીએ. કલ્યાણપથમાં આગળ વધવા માટે આપણી આધ્યાત્મિક પ્રગતિ થાય નહીં. આપણે સમય વેડફ્યો કહેવાય. બાવાનાં બેય બગડ્યા જેવી સ્થિતિ થાય. ના બજાવી શકીએ સંસારવહેવારની પૂરી ફરજો કે ના સાધી શકીએ આધ્યાત્મિક પ્રગતિ. સંસારના ચકરાવામાં દિશાહિન એવા આપણે આમથી તેમ ફંગોળતા રહીએ. સાચાં સુખ-શાંતિ ક્યારેય પામી ન શકીએ. વળી, આ સંસાર કેવો છે? સંસાર દોરંગી છે. સંસાર અમૃત અને ઝેરથી ભરેલો છે. તેમાં સારું અને નરસું, ગુણ અને દોષ, સજ્જન અને દુર્જન બંને રહેલાં છે. હવે જેમ હંસ દૂધમાંથી દૂધદૂધ પી જાય છે અને પાણી છોડી દે છે તેમ ગુરુ-સંતો અમૃત ગ્રહણ કરે છે અને ઝેર છોડી દે છે. એટલે કે સજ્જનો સદ્‌ગુણોને અપનાવે છે અને દુર્જનોથી દૂર રહે છે. સદ્‌ગુણો જીવનમાં આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક છે. દુર્ગુણો અધઃપતનની ઊંડી ખાઈમાં ધકેલનારા છે. જેમનો સ્વભાવ સંત જેવો છે તેઓ આવું જીવન જીવી સદા આનંદમાં રહે છે. વળી સંત એટલે કોણ? દાઢી-જટા વધારે, અમુક પ્રકારનાં જ વસ્ત્ર પહેરે, ટીલાં-ટપકાં કરે તે સંત એમ સમજવું તે આપણી ભૂલ છે. પરંતુ, જેમનો સ્વભાવ ગુણગ્રાહી છે તેને સંત સમજવાના. બાહ્ય દેખાવ સંતનો કરે અને અંદર દુર્ગુણોથી ભરેલો હોય તો તે સંત ન કહેવાય. ભગવાનની દયાથી આ બધું તમે સતત સાંભળી રહ્યા છો, એને જીવનમાં યથાશક્તિ ઉતારી તેનો લાભ લઈ રહ્યા છો તે ખૂબ જ આનંદની વાત છે. તેનો અમને પણ ખૂબ જ સંતોષ છે. આ પણ ખૂબ જ ઉત્તમ સત્કર્મ જ છે. મનુષ્યઅવતાર પ્રાપ્ત થયો છે તો આ જન્મે જ જીવન સાર્થક કરી લેવું જોઈએ. સત્કર્મોના પુલ ઉપર થઈને મોક્ષમંદિરે પહોંચી જવાનું લક્ષ રાખવું જોઈએ. તેથી જીવનમાં જ્યારે પણ સત્કર્મ કરવાની ઈચ્છા થાય કે તક મળે તો તેને તુરત જ ઝડપી લેવી જોઈએ. તેમાં જરા પણ આળસ કે શિથિલતા દાખવવી જોઈએ નહીં. તેથી તો કહ્યું છે કે,*

**"કલ કરે સો આજ કર, આજ કરે સો અબ;**
**પલ-પલ બીતા જાત હૈ, ફીર કરેગા કબ."**

*જ્યારે પણ આપણા મનમાં સત્કર્મ કરવાની ઈચ્છા જાગે, કે તે માટેની તક મળે તો તેને તરત જ ઝડપી લેવી જોઈએ. કાલ ઉપર તેને પાછી ધકેલવી જોઈએ નહીં. એને તો આજે જ*

*અમલમાં મૂકી દેવી જોઈએ. વળી, આજે આટલું કામ આટોપીને પછી કરું એમ પણ વિચારવું જોઈએ નહીં. પણ તે જ ક્ષણે તેનો અમલ કરવો જોઈએ. કેમકે, આપણું આયુષ્ય કેટલું છે તેની આપણને ખબર નથી. જે શ્વાસ બહાર નીકળ્યો છે તે પાછો અંદર જશે કે નહીં તેનું પણ કાંઈ નિશ્ચિત નથી. આપણું શરીર ક્યારે છૂટી જશે તે આપણે જાણતા નથી. તેથી કાલનો કે થોડીવાર પછીનો ભરોસો નહીં રાખતાં અત્યારે-અબઘડી જ સત્કર્મ કરી લેવું જોઈએ. તમે સૌએ પણ અમારા પંચાસીમા વર્ષને સત્કર્મોરૂપી શુભેચ્છાવર્ષ તરીકે ઊજવવાનું નિમિત્ત ઊભું કર્યું છે. દર મહિનાની સત્તાવીસ તારીખે જુદાજુદા ભક્તોના ઘેર સ્વાધ્યાય-સત્સંગ-આશીર્વચન તથા આદ્ય ગુરુદેવઅભિષેક યજ્ઞનું ખૂબ જ સુંદર આયોજન કર્યું છે. આ અભિષેકયજ્ઞની પદ્ધતિ સાવ મૌલિક છે. તેની ગોઠવણી ખૂબ જ ભાવનાત્મક છે. તે માટેના બોલવામાં આવતા મંત્રના શબ્દો પણ કેવા સુંદર ભાવથી ભરેલા છે! આ મંત્રના શબ્દો છેઃ*

**"પ્રણવ પ્રભુજી ઓમ્, પૂજુ ચરણો તમારાં;**
**આદ્યગુરુજી ઓમ્, અર્ઘ્ય સ્વીકારો અમારા.**
*ઓમ્... સમર્પયામિ"*

*મંત્ર બોલતાં બોલતાં જ્યારે છેલ્લે સમર્પયામિ બોલીએ ત્યારે પુષ્પ પધરાવવાનાં છે. આખો મંત્ર અને ક્રિયા ભાવનાત્મક છે. મંત્ર બોલતાં બોલતાં નિજાનંદમાં મસ્ત થઈ જવાય તેવી ભાવનાત્મક સમગ્ર ક્રિયા છે. તમે સૌ આ અભિષેકયજ્ઞ ખૂબ જ પ્રેમ અને ભાવપૂર્વક કરી રહ્યા છો. આમ, અમારા પંચાસીમા આખા વર્ષને તમો સૌ ગુરુદેવશુભેચ્છાવર્ષ તરીકે ઊજવી રહ્યા છો, તેના અનુસંધાનમાં દર મહિનાની વદ દશમે ઓમ્ પરિવાર ટ્રસ્ટની ઓફિસે સાંજે ચારથી રાત્રીના બાર સુધી ગુરુમહિમાના અખંડ પાઠ કરવાનું ગોઠવ્યુ છે. દર મહિનાની સત્તાવીસ તારીખે જુદાજુદા ભક્તોના ઘરે સ્વાધ્યાય-સત્સંગ-આશીર્વચન તથા આદ્યગુરુદેવ અભિષેકયજ્ઞનું દિવ્ય આયોજન કર્યું છે તથા આખા વર્ષ દરમ્યાન સૌએ ભેગા મળીને પોતપોતાની રીતે ઓછામાં ઓછા સાડા આઠ કરોડ "ઓમ્ ગુરુ ઓમ્" મંત્રના જાપ વિશ્વશાંતિ અર્થે કરવાનું નક્કી કર્યું છે. આની જાહેરાત તમે દરેક કાર્યક્રમમાં કરતા જ હશો. અમે પણ કાયમ તે જણાવીએ છીએ. તેથી જે પહેલી વાર આવ્યા હોય, જેઓને આની જાણ ન હોય તે સૌને જાણ થાય. આમ, આખા વર્ષ દરમ્યાન લોકકલ્યાણના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી અને તેમાં પ્રેમ અને ઉત્સાહભેર તમે સૌ લાભ લઈ રહ્યા છો અને બીજાને તેમ કરવા પ્રેરી રહ્યા છો એ રીતે સૌ સત્કર્મ આચરી રહ્યા છો. જે કોઈને પણ પોતાના ઘરે કાર્યક્રમ રાખવાની ઇચ્છા હશે તેને વારાફરતી લાભ મળશે. આજના આ કાર્યક્રમની વિશેષતા એ છે કે તેનો લહાવો તમે સૌ અમારી સાધનાભૂમિ-તપોભૂમિ ઉપર લઈ રહ્યા છો. આપણી ઉપર જો ભગવાનની કૃપા હોય તો જ લાભ લઈ શકાય. નહિતર ગમે તે કારણસર આપણે લાભથી વંચિત રહીએ. વળી, બલદેવભાઈનું કુટુંબ પણ કેટલું બધું ગુરુનિષ્ઠ છે! આખા પરિવારના સૌનો સ્વભાવ પણ કેટલો નિર્મળ છે! તેઓ જે લાભ લઈ રહ્યા છે તે સાચી સમજણપૂર્વક લઈ રહ્યા છે. એમના ભાવમાં સહેજ પણ અંધશ્રધ્ધા નથી. પરમાત્મા ગુરુ-સંતો તો બેહદ દયાવાન-કરુણાવાન છે. તેમની કૃપાનો તો કોઈ પાર જ નથી. આપણી પાસે એવી સમજણ-દૃષ્ટિ હોવી જોઈએ કે જેથી તેમની આપણી ઉપર વરસી રહેલી દયા -કરુણા-કૃપાને બરોબર સમજી શકીએ. આપણે તેવા ગુણગ્રાહી હોવા જોઈએ. તેથી તો તેમની સમગ્ર સંસાર પર વરસી રહેલી કૃપા માટે કહ્યું છે કે,*

**"મોતી કણ મહગા કિયા, સસ્તા કિયા અનાજ;**
**તુલસી તાહી કહત હૈ, તુમ્હે ગરીબનવાજ."**

*જગત નિયંતા પરમકૃપાળુ પરમાત્માને જીવમાત્રની ફિકર છે. તે તો સતત સૌ કોઈની સંભાળ રાખી રહ્યા છે. આ સનાતન સત્યને ઉપરની પંક્તિઓ દ્વારા સમજાવવાનો પ્રયત્ન અનુભવીઓએ કર્યો છે. જગતમાં મોતી-માણેક વગેરે ખૂબ જ મોંઘાં મળે છે. આવાં મોંઘાં મોતી-માણેક માત્ર તવંગર લોકો જ મર્યાદિત પ્રમાણમાં ખરીદી શકે છે. સામાન્ય ગરીબ લોકોનું તે ખરીદવાનું ગજું હોતું નથી. તેની તુલનામાં અનાજ અનેક-ગણું સસ્તુ મળે છે. તેથી અનાજ સૌ કોઈ ખરીદી શકે છે. પછી ચાહે તે તવંગર હોય કે ગરીબ હોય. વળી, મોતી-માણેક ખાઈ શકાતાં નથી. તેનો ઉપયોગ તો માત્ર શરીર ઉપર બાહ્ય શૃંગાર માટે થાય છે. પરંતુ, શરીરને ટકાવી રાખવા માટે હવા-પાણી અને ખોરાક કહેતાં અનાજ- આ ત્રણ મુખ્ય ઘટકો છે. તેમાંથી એક પણ પરિબળ ન હોય તો શરીર ટકી શકે નહીં. આપણે જાણીએ છીએ કે હવા અને પાણી તો સૌ કોઈને વિનામૂલ્યે ઉપલબ્ધ છે. પરંતુ અનાજનું તેમ નથી. હવે જો મોતી-માણેક મોંઘાં છે તેની જગ્યાએ સસ્તાં હોત અને અનાજ સસ્તું છે તેની જગ્યાએ મોંઘું હોત તો શું પરિસ્થિતિ ઊભી થાત? ધનવાન*

*લોકો તો અનાજ ખરીદી શકે, પરંતુ ગરીબ લોકો ખરીદી શકે નહીં. તેથી ગરીબોને ભૂખે મરવાનું થાત. આમ, પરમાત્માએ ગરીબોની પૂરી ફિકર રાખી અનાજ સસ્તું કર્યું છે. તેથી, તુલસીદાસજીએ પરમાત્માને ગરીબોના રક્ષક કહ્યા છે. આમ, પરમાત્માની દયાનો કોઈ પાર નથી. વળી, જીવન ટકાવી રાખવા માટે જરૂરી સાધનસામગ્રીનો જે વિવેકથી ઉપયોગ કરે, પરંતુ તેનો મોજશોખ માટે ઉપયોગ કરે નહીં, તે સાચો સંત છે. તેથી સંતો કેવા હોય, તેમનો સ્વભાવ કેવો હોય, તેમનું જીવન કેવું હોય તે દર્શાવતાં કહ્યું છે કે,*

**"તીન ટુક કૌપીન કો, અરુ બીન ભાજી લોન;**
**તુલસી રઘુવીર ઉર બસે, ઈન્દ્ર બાપડો કોન."**

*સંતોનું જીવન કેવું હોય છે? તેમને પહેરવા માટે ત્રણ આંગળની માત્ર લંગોટી જોઈએ. એટલે કે સમાજની મર્યાદા જળવાઈ રહે અને ઠંડી-ગરમી-વરસાદમાં શરીરનું રક્ષણ થાય તેવાં સાદાં વસ્ત્રો પણ પહેરતા નથી. સંતો જમે છે શું? મીઠા વગરની ભાજી જમે છે. એટલે કે શરીર સ્વસ્થ અને નિરોગી રહે તેવું સાદું પોષણક્ષમ-આરોગ્યપ્રદ ભોજન જમે છે. તેઓ સ્વાદ માટે ભોજન જમતા નથી. આવું ભોજન એટલા માટે જમે છે કે જેથી શરીર સ્વસ્થ, નીરોગી રહે. તેથી મોક્ષપ્રાપ્તિ માટે જરૂરી સાધન-ભજન વિઘ્ન રહિત સારી રીતે થઈ શકે. વળી, તેઓને પોતાના આવા સીધા-સાદા જીવન માટે સહેજ પણ અભિમાન હોતું નથી. તેઓ તો સદા નિજાનંદમાં જ મસ્ત હોય છે. તેઓને જીવનમાં કોઈપણ પ્રકારની ભૌતિક ઈચ્છાની લેશ માત્ર ખેવના હોતી નથી. આવું જીવન જીવતા સંતોને મન, ધન-કુબેરોની કાંઈ જ વિસાત હોતી નથી. તેઓ આ ધનકુબેરોની નથી કરતા ખોટી ખુશામત કે નથી નાખતા તેમની દાઢીમાં હાથ. કારણ કે, સંતો પાસે અમૂલ્ય એવુ સંતોષધન તેમની પાસે હોય છે. તે થકી તેઓ જગતમાં બેહદ સુખી હોય છે. આમ, સુખ-શાંતિ પૂર્વક જીવન જીવવા માટે સમજણપૂર્વકનો સંતોષ હોવો જરૂરી છે. તેથી આપણી સમજણ જીવનમાં ઉદ્ભવતી દરેક પરિસ્થિતિમાં સમાધાનકારી થઈ જાય છે. પરિણામે હર હાલમાં આપણને જીવનમાં સુખ અને આનંદની જ અનુભૂતિ થાય છે. જેમકે, નરસિંહ મહેતાનાં પત્નીનું અવસાન થયું અને તે સમાચાર નરસિંહ મહેતાને મળ્યા, તો તેઓએ કહ્યું કે, "ભલું થયું ભાંગી, જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાલ" આવી સમાધાનકારી સમજણ દ્રઢ થાય, તો પછી જીવનમાં દુઃખ જેવું કાંઈ જ રહેતું નથી. કુટુંબ-પરિવારમાં પણ સુખ-શાંતિ અને આનંદ છવાયેલાં રહે છે. પરંતુ આપણું જીવન માત્ર અને માત્ર અસંતોષથી ભરેલું હોય, તો ગમે તેટલી ભૌતિક સમૃદ્ધિ આપણી પાસે હોય, છતાં પણ આપણે અને આપણો પરિવાર દુઃખી જ રહેતો હોય. જીવનમાં ક્યાંય સ્હેજ પણ સુખ-શાંતિનો ઓછાયો પણ દેખાતો નથી હોતો. તેથી સૌ કોઈને જીવનમાં સંતોષરૂપી મહાઅમૃતને પ્રાપ્ત કરવું અનિવાર્ય છે. પાતંજલ યોગદર્શનના સાધનપાદના સૂત્રનં.-૪૨માં સંતોષની મહત્તા સમજાવતાં કહ્યું છે કે,*

**"સંતોષાદનુત્તમઃ સુખલાભઃ"**

**જીવનમાં મોટામાં મોટું સુખ સમજણપૂર્વકનો સંતોષ છે.** *મનુષ્યની ઈચ્છાઓનો તો કોઈ પાર નથી. ઈચ્છાઓ અનંત છે. જીવનમાં એક ઈચ્છા પૂરી થતાં બીજી જાગે છે. આમ, જીવનમાં ઈચ્છાઓની ઘટમાળ વણથંભી ચાલ્યા જ કરે છે. જેઓએ જીવનમાં સંતોષરૂપી સમાધાનકારી સમજણ કેળવી નથી તે આ ઉદ્ભવતી ઈચ્છાઓની પૂર્તિ માટે ભાન ભૂલીને આંધળી દોટ મૂકે છે. મૃગલો પાણી માટે થઈને મૃગજળ પાછળ આંધળી દોટ લગાવે છે. તેને પાણી તો હાથ લાગતું નથી, પરંતુ તેની ખોટી આશામાં ને આશામાં અંતે મૂર્છિત થઈને ઢળી પડે છે. અસંતોષી લોકો પણ આભાસી સુખ-શાંતિ પ્રાપ્ત કરવાની આંધળી ઘેલછા પાછળ યોગ્ય-અયોગ્યના વિવેકને ભૂલી જાય છે. મૃગજળ સમાન સુખ-શાંતિ માટે, ઈચ્છાઓની પૂર્તિ માટે પાછું જોયા વગર નિરંતર દોટ લગાવે છે. જીવનમાં બધી ઈચ્છાઓની પૂર્તિ માટે પાછું જોયા વગર નિરંતર દોટ લગાવે છે. જીવનમાં બધી ઈચ્છાઓ તો ક્યારેય પૂરી થતી નથી અને એમ ને એમ અંતે મૃત્યુ પામે છે. મૃત્યુ પર્યંત તે જીવનમાં સુખનો અનુભવ કરી શકતો નથી, સદાય દુઃખી જ રહે છે. આપણા જીવનમાં આવી સ્થિતિ ઉદ્ભવે નહીં તે માટે શું કરવું જોઈએ? આપણે પૂરી શ્રધ્ધા-ભક્તિ-નિષ્ઠાપૂર્વક પરમ કલ્યાણદાતા ગુરુ સંતોને આપણા આંગણે પ્રેમથી આવકારવા જોઈએ. આપણે પણ વધુમાં વધુ તેમના પરમ-સાંનિધ્યમાં યોગ્ય પ્રયત્ન કરી રહેવું જોઈએ. ગુરુસંતો આપણી ઉપર કૃપા વરસાવી, જીવનમાં શાશ્વત સુખ-શાંતિ પામી શકીએ તે અંગેની, આપણને સાચી સમજણનું જે જ્ઞાન આપતા હોય છે તેને વધુમાં વધુ સારી-સાચી રીતે સમજી, જીવનમાં ઉતારી પરમ સંતોષપૂર્વક જીવી, સુખ-શાંતિ પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ, આપણે*

*એ વાતમાં પૂરા સાવચેત રહેવું જોઈએ કે જેથી આપણી સંતોષ અંગેની ખોટી સમજણને કારણે, તેના બહાના નીચે આપણામાં આળસ-પ્રમાદ આવે નહીં. જીવનમાં જે કાંઈપણ ઈચ્છિત પ્રાપ્ત કરવું હોય, તો વધતા-ઓછા પ્રમાણમાં પુરુષાર્થ અનિવાર્યપણે કરવો જ પડે. માત્ર પ્રારબ્ધના આધારે પુરુષાર્થ વિના કાંઈ જ પામી શકાતું નથી. આપણે અવારનવાર ઉદાહરણ આપીએ છીએ કે, રસોઈ કરનારે રસોઈ કરી. પિરસનારાએ તે પીરસી પણ પછી આપણે હાથ વડે કોળિયો લઈ, મોઢામાં મૂકી તેને ચાવીને પેટમાં ઉતારવાનો પુરુષાર્થ કરવો જ પડે. આમ કરીએ તો જ આપણી ભૂખ સંતોષાય. પરંતુ, આપણે તેમ ન કરતાં, 'પ્રારબ્ધમાં હશે તો ભૂખ સંતોષાશે' તેમ વિચારી બેસી રહીએ, તો આપણે ભૂખ્યા જ રહીએ. આમ, જીવનમાં પુરુષાર્થનું આચરણ પણ ખૂબ જ અગત્યનું છે. કહેવત છે ને કે, "પુરુષાર્થ વગર પ્રારબ્ધ પાંગળું છે." આ વાતને સમજાવતાં આપણી સ્વાધ્યાયપુસ્તિકામાંના એક ભજનની લીટી છેઃ "પૈસે-પૈસે, રૂપિયે રૂપિયે રૂપિયા કરોડ થાય." આજે જેની પાસે કરોડ રૂપિયા છે તે કાંઈ રાતોરાત ભેગા થઈ ગયા નથી હોતા. આવા લોકો પુરુષાર્થના જોરે જીવનમાં જે કાંઈ કમાયા, તેમાંથી ધીરેધીરે પૈસા-રૂપિયા બચાવી અને કરોડ રૂપિયા ભેગા કર્યા છે. તો મુખ્ય વાત છે જીવનમાં ઈચ્છિત ફળની પ્રાપ્તિ માટે કોઈ ને કોઈ રૂપે પુરુષાર્થ કરવો જ પડે છે. તે માત્ર પ્રારબ્ધના ભરોસે કશું પ્રાપ્ત થતું નથી. આ વાતને સમજાવતાં બ્રહ્માનંદજીએ તેમના ભજનમાં કહ્યું છે કે,*

**"પુરુષાર્થકો કરો સદા નર, કર્મ-કર્મ તું કયા ગાવે;**
**ઐસી વસ્તુ નહિ દુનિયામેં, પુરુષાર્થ સે નહિ પાવે.**
**કર્મનકી બાત, વેદ-પુરાણોમેં ગાઈ હૈ;**
**વહ તો મનકી સોચ-ફિકર કો રોકને કો સમજાઈ હૈ.**
**તુમ્હરે કારન પરમાત્માને બાગ-બગીચા બનાયા હૈ;**
**કિસમ-કિસમ કે ફલફૂલસે, બહુત ખૂબ સજાયા હૈ.**
**પુરુષાર્થ કો કરો સદા નર, કર્મ-કર્મ તું કયા ગાવે;**
**ઐસી વસ્તુ નહીં દુનિયામેં, પુરુષાર્થસે નહીં પાવે."**

*પરમાત્માએ સમગ્ર જીવ-જગત ઉપર અહૈતુકી કરુણા વરસાવી, સૌ કોઈની જરૂરિયાત પ્રમાણે સઘળું બનાવ્યું છે. સૌ કોઈએ તેને પ્રાપ્ત કરવા માટે તેને અનુરૂપ યથાયોગ્ય પુરુષાર્થ કરવો અનિવાર્ય છે. પુરુષાર્થથી જ તે પામી શકે છે. હવે કોઈ એમ વિચારે કે નસીબમાં હશે તો મળશે. આમ નસીબ ઉપર અવલંબિત થઈ જો પુરુષાર્થ કરે જ નહીં, તો તેને કાંઈ જ પ્રાપ્ત ન થાય. આમ, પુરુષાર્થ તરફથી મોઢું ફેરવી લેવાની આ નીતિ તે તેનું પ્રસાદપણું છે. હવે ઘણી વખત એવું પણ બનતું હોય છે કે પુરુષાર્થ કર્યા પછી પણ કોઈ પણ કારણસર ઈચ્છિત ફળ પ્રાપ્ત થતું નથી. આવા સંજોગમાં તેવા જીવનો પુરુષાર્થમાંનો વિશ્વાસ ડગી ન જાય, તે નાસીપાસ ના થઈ જાય, તે માટે પુરુષાર્થ કર્યા પછી પણ મળ્યું નહીં, તો પ્રારબ્ધમાં નહીં હોય તેમ કહીને મન મનાવવા માટે શાસ્ત્રોમાં પ્રારબ્ધની વાત જણાવી છે. આવીબધી કલ્યાણકારી સમજણની તાત્ત્વિક વાતો, ઉપદેશ, આશીર્વચનની વાતો અવારનવાર તમે સૌ સાંભળી રહ્યા છો. તેને શક્ય તેટલી વધુમાં વધુ સમજી જીવનમાં ઉતારવાનો પ્રયત્ન પણ કલ્યાણપથ ઉપર આગળ વધવા માટેનો પુરુષાર્થ જ છે.* **મનુષ્યજીવન સાર્થક કરવા માટેનો રાહ ગુરુસંતો બતાવે, પરંતુ તે માર્ગે આગળ વધવા માટેનો પુરુષાર્થ તો પોતે જાતે જ કરવો પડે. પુરુષાર્થ વગર કાંઈ જ ન થાય. ગુરુસંતો પાસે કોઈ જાદુઈ લાકડી નથી કે જેને આપણી ઉપર ફેરવે અને જીવન સાર્થક થઈ જાય, મોક્ષપ્રાપ્તિ થઈ જાય. જે કોઈ એવી રીતે કલ્યાણ કરવાની વાતો કરતા હોય છે તે માત્ર ભરમાવવાની વાતો જ છે. હકીકતમાં જગતમાં જાદુટોના જેવું કાંઈ છે જ નહીં. તે તો નજરનો અને સમજનો માત્ર ભ્રમ છે. આ સત્ય વાતને આપણે સમજી શકીએ તે જ હકીકતમાં મોટો જાદુ છે.** *પરમાત્માની કૃપાથી પ્રેમ-સંપ-ઉત્સાહપૂર્વક નિઃસ્વાર્થભાવે આવા લોકકલ્યાણના કાર્યક્રમોની ગોઠવણીનો સત્કર્મરૂપી પુરુષાર્થ કરી મનુષ્યજીવનની સાર્થકતા કરી રહ્યા છો. કેમકે, તમે તેની સાચી કિંમત સમજી શક્યા છો. જેવી રીતે, કેટલાંક સત્કર્મી માતા-પિતાના સંતાન પણ સત્કર્મી હોય છે. માતા-પિતાના સંસ્કારોને તેઓએ પોતાના જીવનમાં સાચવી જાણ્યા હોય છે. તેઓને જીવનમાં સત્કર્મની અનિવાર્યતાની સાચી કિંમત-અતિઆવશ્યક્તા સમજાઈ હોય છે. આવાં સંતાનો પોતાનાં માતા-પિતાએ જીવનમાં જે કાંઈ સત્કર્મનું આચરણ કર્યું હોય તેને પ્રેમથી ખૂબ જ સારી રીતે મોટા પાયે આગળ વધારી જીવનમાં સાચો આનંદ પ્રાપ્ત કરે છે, માતા-પિતાનું નામ ઉજાળે છે. જ્યારે કેટલાંક સત્કર્મી માતા-પિતાનાં સંતાન એવાં હોય છે કે તેઓ પોતાનાં માતા-પિતાએ જીવનમાં જે કાંઈ સત્કર્મ કર્યું હોય તેને પોતાના તુચ્છ અંગત સ્વાર્થ માટે થઈને રફેદફે કરી નાંખે છે. જેમ સાપ કાંચળી ઉતારી દે છે તેમ આવા સંતાનો પોતાનાં માતા-પિતાએ આપેલા સંસ્કારોને જીવનમાંથી દૂર કરી દે છે. પોતાનાં સત્કર્મી*

માતાપિતાનું નામ બોળે છે. પરમાત્માને હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ કે, આપણાં સંતાનો ખૂબખૂબ સત્કર્મી થાય. તેઓ પોતાના જીવનમાં આપણા કરતાં પણ અનેક ઘણાં સત્કર્મો આચરે. આમ, સાત્ત્વિક જીવન જીવવામાં બાપ કરતાં બેટો સવાયો "એ ઉક્તિને સાચી કરે. પરમાત્માની દયાથી આજનો આ કાર્યક્રમ અમારી સાધના- ભૂમિ ઉપર તમે સૌ પ્રેમથી ઊજવી રહ્યા છો તે પ્રસંગે તમો સર્વેને અમારા ખૂબખૂબ આશીર્વાદ છે. લોકકલ્યાણ અર્થે, શુભેચ્છા વર્ષની ઉજવણીનો તમારો, સંકલ્પ સારી રીતે પરિપૂર્ણ થાય તેવી પરમાત્માને પ્રાર્થના. સૌ ઉપર પરમાત્માની, ગુરુ-સંતોની ખૂબખૂબ કૃપા વરસે.

સત્યધર્મ ગુરુદેવની જય.
ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર.
સર્વેને જયનારાયણ.
ઓમ્.....ઓમ્.....ઓમ્.....

## પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન તા. ૧૪-૪-૨૦૧૩ - ઘાટલોડિયા

સ્થળ : શ્રી થોભણભાઈ પટેલ પરિવાર. ગોપાલબાગ સોસાયટી, નીલકંઠ મહાદેવ રોડ, ઘાટલોડિયા.

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત-વંદન-અભિનંદન-આશીષ.

ગુરુદેવના પંચાસીમા વર્ષને "શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ" તરીકે ઊજવવા તમે સૌએ ભેગા થઈને વર્ષ દરમ્યાન લોકકલ્યાણ માટે જે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે તેના ભાગરૂપે સ્વાધ્યાય-સત્સંગ, આદ્યગુરુદેવ અભિષેક યજ્ઞના કાર્યક્રમની ઉજવણી માટે તમે સૌ આજે ભેગા થયા છો. વર્ષ દરમ્યાન દર મહિને વદ દશમના દિવસે તથા દર મહિનાની સત્તાવીસ તારીખે- આમ બે કાર્યક્રમ તો નક્કી થઈ જ ગયા છે, પરંતુ ભક્તોને તેમાં નિમિત્ત બનવા માટેનો ઉત્સાહ ખૂબ જ છે. હજી બીજા ઘણા પોતાના ઘરે કાર્યક્રમ ગોઠવવા થનગની રહ્યા છે. તેથી આ આયોજન ઓછું પડી રહ્યું છે. આમ, સૌને વધુ ને વધુ આવાં લોકકલ્યાણનાં કાર્યમાં નિમિત્ત બનવાનો લાભ મળે તે માટે વધારાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેના અનુસંધાનમાં આજે ચૌદમી એપ્રિલે વધારાના કાર્યક્રમમાં ભાગ લેવા તમે સૌ પ્રેમથી ઉપસ્થિત થયા છો. આમ તમારા સૌના હૃદયમાં શુભેચ્છાવર્ષની ઉજવણી માટે પ્રેમ-આનંદ-ઉત્સાહ અવિરત હિલોળા લઈ રહ્યાં છે. આ ત્યારે જ બને કે જ્યારે આપણામાં આધ્યાત્મિક ગુરુ-સંતો પ્રત્યેનો પ્રેમ-પૂજ્યભાવ રહેલો હોય, આપણા જીવનમાં તેની અનિવાર્યતાની આપણામાં સાચી સમજણ હોય. તમે સૌ જે કાંઈ કરી રહ્યા છો તે સઘળું તમારી અંદર રહેલા ભાવને ઉજાગર કરે છે. જ્યારે પરમાત્માની અવિરત કૃપા વરસી હોય ત્યારે જ આ શક્ય બને. આવા લોકકલ્યાણના કાર્યક્રમોનું નિમિત્ત ઊભું કરીને જે આયોજન કરવામાં આવે છે તેની પાછળ મનુષ્યજન્મે કલ્યાણપ્રાપ્તિનું તાત્ત્વિક રહસ્ય છુપાયેલું છે. અર્થાત્ આ જન્મે જ મોક્ષપ્રાપ્તિનું ધ્યેય રહેલું છે. મોક્ષપ્રાપ્તિ કરીને શું કરવાનું છે? આત્યંતિક સુખને પ્રાપ્ત કરવાનું છે. આત્યંતિક સુખ એટલે એવું સુખ કે જેની પ્રતિક્રિયા દુઃખ ન હોય-માત્ર ને માત્ર સદા-સર્વદા સુખ જ હોય. તો આવા આત્યંતિક સુખ સિવાયનાં જગતનાં બીજાં તમામ સુખો કાળક્રમે દુઃખમાં જ પરિણમે છે, અંતે દુઃખદાયી છે. પાતંજલ યોગદર્શનના સાધનપાદના સૂત્ર નં. ૧૫માં આ સત્યને સમજાવતાં કહ્યુ છે કે,

**"પરિણામતાપસંસ્કારદુઃખૈર્ગુણવૃત્તિવિરોધાચ્ચ**
**દુઃખમેવ સર્વમ્ વિવેકિનઃ"**

આત્યંતિક સુખ સિવાયનાં જગતનાં બીજાં તમામ સુખ, વિવેકીજનોને મન પરિણામરૂપે-તાપરૂપે-સંસ્કારરૂપે અને ગુણની દૃષ્ટિએ અંતે દુઃખ આપનારાં છે. આપણા ઓમ્ પરિવાર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પાતંજલ યોગદર્શનના સાધનપાદ ઉપરની આપણી ગુજરાતી ટીકા કે જેનું નામ "શાન્તા" છે તેમાં બીજાં બધાં જ સૂત્રોની જેમ આ સૂત્રને પણ ખૂબ સરલ ભાષામાં, ખૂબ જ વિગતે સમજાવવામાં આવ્યું છે. તો, મનુષ્ય જન્મે કલ્યાણની-મોક્ષની પ્રાપ્તિ કરી આત્યંતિક સુખને પામવાનું છે. આ વાતને સમજાવતાં આપણા દરેક કાર્યક્રમમાં જુદા જુદા સંતોના અનુભવના નિચોડરૂપ વાક્યોને અવારનવાર રજૂ કરવામાં આવે છે. જેથી સૌ કોઈ આ વાતની સાચી-સચોટ વધુ ને વધુ સમજણ પ્રાપ્ત કરી શકે. અને આપણી સમજણ વધુ ને વધુ સૂક્ષ્મ થતી જાય. પરમલક્ષ્ય એવા મોક્ષને પામવાના આપણા પ્રયત્નોને વધુ ને વધુ જોમ મળે, તે માટેના આપણા પ્રયત્નોની ગતિ વધુ તેજ બને. આપણામાં સહેજ પણ ઢીલાશ કે પ્રમાદ ન આવે. મનુષ્યજીવનને સાર્થક કરવા માટે સત્કર્મોરૂપી મહાયજ્ઞમાં એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર અવિરત લાગી જઈએ. આ વાતને સમજાવતાં કહ્યુ છે કે,

**"કલ કરે સો આજ કર, આજ કરે સો અબ;**
**પલ-પલ બીતા જાત હૈ, ફીર કરેગા કબ."**

*મનુષ્યજન્મ સાર્થક કરવા માટે જીવનમાં જ્યારે અને જે પણ તક મળે અથવા તે માટે સત્કર્મ કરવાની ઈચ્છા જાગે તો તેને તરત જ ઝડપી લઈ તે જ ક્ષણે તેનો અમલ કરી દેવો જોઈએ. અમલ કરવાનું કાલ ઉપર કે થોડીવાર પછી કરવાનું નહી વિચારતાં આજે અને અબઘડી આચરણમાં મૂકી દેવું જોઈએ. કેમકે, કાલની કે થોડીવાર પછી શું થશે તેની જાણ કોઈને જ હોતી નથી. આપણે જોઈએ છીએ કે, બચપણમાં અને ભરજુવાનીમાં લોકો એકાએક મૃત્યુશરણ થઈ જતા હોય છે. આમ, મૃત્યુ ક્યારે આવે તેનું કોઈના પણ માટે કાંઈ જ નિશ્ચિત હોતું નથી. જેનો જન્મ તેનું મૃત્યુ તો નિશ્ચિત છે, પણ તેનો સમય નિશ્ચિત નથી. પછી ચાહે તવંગર હોય કે ગરીબ હોય, વિદ્યાન હોય કે અભણ હોય, મોટો અમલદાર હોય કે સામાન્ય નોકર હોય, મોટો રાજા હોય કે સામાન્ય પ્રજાજન હોય. આમ, જીવનમાં મૃત્યુના સમયની અનિશ્ચિતતાના કારણે જીવન છે, તેમાં જ સત્કર્મ કરવાની તક, એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ઝડપી લેવી જોઈએ, અમલમાં મૂકી દેવી જોઈએ. કેમકે, પ્રમાદવશ કે ભૌતિક તૃષ્ણાવશ તેમાં વિલંબ કરવામાં આવે અને મૃત્યુનો સમય આવી જાય, તો પ્રભુ-ગુરુ-સંતોની કૃપાથી પ્રાપ્ત થયેલી આ તકને ગુમાવી દીધી કહેવાય. આપણે હાથ ઘસતા રહી જઈએ. અતિદુષ્કર દુઃખોને આપવાવાળા જન્મ-મરણના ચકરાવવામાં ફંગોળાતા રહીએ. તો, મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો આ જન્મે જ સત્કર્મોરૂપી સાધન-ભજનના આચરણ દ્વારા કલ્યાણપદને પામવા માટે સહેજ પણ વિલંબ કર્યા વગર કાર્યરત થઈ જવું જોઈએ. મનુષ્યજન્માં જ આ બધું થઈ શકે છે. પશુ-પક્ષી તે કરી શકતાં નથી. તેથી જ મનુષ્ય-પશુ-પક્ષી આ ત્રણ મુખ્ય યોનિમાં મનુષ્યયોનિ શ્રેષ્ઠ ગણી છે. આ ત્રણેય યોનિમાં ભય-મૈથુન-આહાર અને નિદ્રા એ ચારેય કાર્ય સમાન રીતે થાય છે. હવે આપણે મનુષ્યજન્મે મોક્ષપ્રાપ્તિ અર્થે સત્કર્મ ન કરીએ તો આપણે પણ શિંગડાં-પૂંછડાં વગરનાં પશુ જ કહેવાઈએ. તેમનામાં અને આપણામાં કોઈ જ ફરક રહે નહીં. હવે મનુષ્યજન્મે મોક્ષ પ્રાપ્ત કરી મનુષ્ય જીવન સાર્થક કરવાની ઈચ્છાશક્તિ આપણામાં સહેજ પણ હોય નહીં, તેનાથી તો આપણે દૂર ભાગતા હોઈએ અને કલ્યાણપથમાં આગળ વધવામાં અંતરાયરૂપ એવી તુચ્છ ભૌતિક સુખ-સગવડ-સમૃધ્ધિને વધુ ને વધુ એકઠી કરવા માટે ઘાણીના બળદની જેમ આમથી તેમ ચારેબાજુ ફરતા રહીએ, વળી, પરમાત્માની કૃપાથી તથા સંચિત કર્મના ફળસ્વરૂપ આપણી પાસે જરૂરિયાત કરતાં પણ વધુ પ્રમાણમાં ભૌતિક સમૃદ્ધિ ભેગી થાય, તેના કારણે અહંકારને વશ એવા આપણે પોતાની જાતને ખૂબ જ જબરા અને સમર્થ માનીએ, ઓછી સંપત્તિવાળાને આપણે નિર્બળ અને તુચ્છ ગણીએ તથા આ સંપત્તિને જરૂરિયાતમંદ લોકો માટે નહીં ખર્ચતાં માત્ર પોતાના માટે જ તેનો ઉપભોગ કરીએ, તો આપણે ખૂબ જ અજ્ઞાની કહેવાઈએ. વાસ્તવમાં જેમની આવી મનોદશા છે તેવા લોકો પોતાની જાતને મનુષ્ય કહેવડાવવાને લાયક નથી. આ માટે અનુભવીઓએ કહ્યુ છે કે,*

**"રહો ના ભૂલ કે કભી મદાંધ તુચ્છ વિત્ત મેં;**
**સનાથ જાન આપકો કરો ના ગર્વ ચિત્ત મેં.**
**અનાથ કૌન હૈ યહાં, ત્રિલોકીનાથ સાથ હૈ;**
**દયાલુ દીનબંધુ કે બડે વિશાલ હાથ હૈ.**
**અતીવ ભાગ્યહિન હૈ અધીર ભાવ જો ધરે;**
**વહી મનુષ્ય હૈ, જો મનુષ્ય કે લિયે જીયે".**

*ભૌતિક સંપત્તિ કેવી છે? તુચ્છ છે. મનુષ્યજન્મ સાર્થક કરવામાં જો તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે નહીં, તો તે બાધક બને છે. આવી તુચ્છ સંપત્તિથી સમૃદ્ધ એવા આપણે મનમાં અહંકાર રાખવો જોઈએ નહીં. તેના જોરે આપણે મહા જબરા-સમર્થ છીએ એવો મનમાં ગર્વ કરવો જોઈએ નહીં. જેમની પાસે ભૌતિક સમૃદ્ધિનો અભાવ છે તેને આપણે નિર્બળ માનવો જોઈએ નહીં. આપણે ભૌતિક સંપત્તિની તુલના કરી જેમને નિર્બળ માનીએ છીએ તેઓ નિર્બળ નહીં, પરંતુ સબળ જ છે. કેમકે, તેમના હૃદયમાં સર્વવ્યાપક પરમાત્મા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા-ભક્તિ-પ્રેમ-નિષ્ઠા ભરેલાં છે. આમ, તેઓ આધ્યાત્મિક તેમજ પરમાત્માની કૃપારૂપી સંપત્તિથી ખૂબ જ સમૃદ્ધ છે. તેની આગળ ભૌતિક સમૃદ્ધિની કોઈ જ વિસાત નથી. અજ્ઞાની લોકોને સાત્ત્વિક જીવનમાં કોઈ જ રસ નથી હોતો. તેઓ માત્ર ભૌતિકતામાં જ રચ્યાપચ્યા રહે છે. આવા કમનસીબ લોકો સતત અધીરિયા થઈને જ જીવન જીવે છે. તેઓના જીવનમાં સંતોષ નથી હોતો. ગમે તેટલી ભૌતિક સંપત્તિ એકઠી કરી હોય, તોપણ વધુ ને વધુ મેળવવા માટે રાત દિવસ રચ્યાપચ્યા રહે છે. વળી, આવા લોકો તેમની પાસે રહેલી સંપત્તિનો ઉપયોગ માત્ર પોતાના માટે જ કરતા હોય છે. જેને ખરેખર જરૂર છે તેવા લોકો માટે એક પાઈ પણ વાપરતા નથી. આવા લોકોને મનુષ્યઅવતાર પ્રાપ્ત થયો હોવા છતાં મનુષ્ય*

*કહેવડાવવાને લાયક નથી. ખરો મનુષ્ય તો તે છે, જે પોતે માત્ર પોતાનો જ વિચાર કરતો નથી, પરંતુ સમગ્ર માનવજાતનો વિચાર કરે છે. તેનાથી પણ આગળ કહીએ તો, જીવમાત્રનો વિચાર કરે છે, તેઓના દુ:ખમાં ભાગીદાર થાય છે. પોતે તન-મન-ધન-વિચાર-વાણી-વર્તનથી સમગ્ર જીવન દરમ્યાન પીડિત-દુ:ખી જીવોના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહે છે. તો આમ, પરમાત્માની કૃપાથી સૌને સતત કલ્યાણપથમાં આગળ વધવામાં સહાયક નવી તાત્ત્વિક વાતો સાંભળવા, જાણવા મળે છે. જેને સૌ જીવનમાં યથાયોગ્ય ઉતારવાનો પુરુષાર્થ કરી મનુષ્યજીવનની સાર્થકતા કરી રહ્યા છો. ચાહે સંસાર વહેવારમાં કે પરમાર્થમાં પ્રગતિ કરવી હોય અને તેને અનુરૂપ સુખ-શાંતિ પામવાં હોય, તો તે માટે પુરુષાર્થ કરવો જ પડશે. આમ, જીવનમાં પુરુષાર્થનું ઘણું જ મહત્ત્વ રહેલું છે. પુરુષાર્થનો મહિમા સમજાવતાં બ્રહ્માનંદજીએ કહ્યુ છે કે,*

**''પુરુષાર્થ કો કરો સદા નર, કર્મ-કર્મ તું કયા ગાવે;**
**ઐસી વસ્તુ નહિ દુનિયામેં, પુરુષાર્થ સે નહિ પાવે.**
**કર્મન કી જો બાત, વેદ-પુરાણોમેં ગાઈ હૈ;**
**વહ તો મનકી સોચ-ફિકર કો રોકને કો સમજાઈ હૈ.**
**તુમ્હરે કારન પરમાત્માને, બાગ-બગીચા બનાયા હૈ;**
**કિસમ-કિસમ કે ફલફૂલ સે બહુત સજાયા હૈ.**
**પુરુષાર્થ કો કરો સદા, નર, કર્મ-કર્મ તુ કયા ગાવે;**
**ઐસી વસ્તુ નહીં દુનિયામેં, પુરુષાર્થ સે નહીં પાવે.''**

*પુરુષાર્થનો સીધો-સાદો અર્થ છે: સભાનતાપૂર્વકનો પ્રયત્ન, કોશિશ. પુરમાં એટલે કે પંચમહાભૂતના શરીરમાં જે રહેલો છે તેના માટે, જે કાંઈ કરવામાં આવે તે પુરુષાર્થ. પુરુષાર્થ બે પ્રકારના છે: એક છે લૌકિક અને બીજો અલૌકિક. સંસાર વહેવારના તથા પંચમહાભૂતના બનેલા શરીર માટે જે કાંઈ પ્રયત્ન કરવામાં આવે તે લૌકિક પુરુષાર્થ છે અને પુરુષ કહેતાં આત્મા માટે જે કાંઈ પ્રયત્ન કરવામાં આવે તે છે અલૌકિક પુરુષાર્થ. અહીં જે પુરુષ શબ્દ વાપરવામાં આવ્યો છે તેનો અર્થ માત્ર નર એમ સમજવાનું નથી. શરીર તો નર કે નારી બંનેનું હોઈ શકે. તે બંનેના શરીરમાં પુરુષ કહેતાં આત્મા રહેલો જ છે- ચાહે નરદેહ હોય કે નારીદેહ હોય. તો જીવનમાં કરવામાં આવતો લૌકિક પુરુષાર્થ ગૌણ છે. પરંતુ, પુરુષ માટે એટલે કે આત્મા માટે કરવામાં આવેલ પુરુષાર્થ અલૌકિક અને મુખ્ય છે. કેમકે, આત્મા માટે કરવામાં આવતા અલૌકિક પુરુષાર્થ દ્વારા જ મનુષ્યજીવન સાર્થક થાય છે. જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી શકાય છે. જ્યારે લૌકિક પુરુષાર્થ કાયાના બંધનમાં નાંખી જન્મ-મરણના ચકરાવે ચઢાવનારો છે. તેનો અર્થ એમ નથી કરવાનો કે, જીવનમાં લૌકિક પુરુષાર્થ કરવો જ નહીં. સંસારવહેવાર સારી રીતે સુખ-શાંતિપૂર્વક ચલાવવા માટે લૌકિક પુરુષાર્થ કરવો અનિવાર્ય છે. પરંતુ, આ લૌકિક પુરુષાર્થ કરતી વખતે આપણે એ વાતને નજર સમક્ષ સતત રાખવાની છે કે, જે કોઈ જરૂરી લૌકિક પુરુષાર્થ કરીએ તે અંતે અલૌકિક પુરુષાર્થના આચરણમાં સહાયરૂપ થાય. અલૌકિક પુરુષાર્થ દ્વારા પોતાનું જીવન સાર્થક કરવું, મોક્ષને પ્રાપ્ત કરવો તે તો બરાબર છે, પરંતુ સંતોનું જીવન-સ્વભાવ કેવો છે? તેઓ માત્ર પોતાના એકલાનું જ કલ્યાણ કરીને સંતોષ પામતા નથી. તેઓ તો પોતાની સાથે સાથે જીવમાત્રનું કલ્યાણ કરવા વિચાર-વાણી-વર્તનથી સતત કાર્યશીલ રહે છે. તે માટે તેઓએ પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હોય છે. આમ, સંતો, જેમનું જીવન મહાન છે તેથી સૌ કોઈ તેમને નમન કરે છે. આ વાતને સમજાવતાં કહ્યુ છે કે,*

**''કૌન બડાઈ ચડે શૃંગ પર, અપના એક બોઝ લે કર;**
**કૌન બડાઈ પાર ગયે યદી, અપની એક નૌકા ખેકર.**
**સુધા-ગરલવાલી યહ ધરતી, ઉસકો શીશ ઝુકાતી હૈ,**
**ખુદ ભી ચડે સાથ લે ઝૂક કર, ગીરતોં કો બાંહે દે કર.''**

*પર્વતની ટોચ ઉપર પોતે એકલા જ પહોંચી ગયા કે પોતાની નૌકામાં બેસી એકલા જ સામે કિનારે પહોંચી ગયા, તો તેમાં કોઈ નવાઈ કે મહાનતા નથી. એટલે કે મનુષ્યજીવનની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષને પોતે એકલા પ્રાપ્ત કરે તેમાં કોઈ મહાનતા નથી. ખરા મહાન તો તે છે, કે જેઓ પોતે તો કલ્યાણપથમાં આગળ વધે છે અને પોતાની સાથે જે લોકો આમ કરી શકતા નથી તેમને પણ નમ્રતા અને પ્રેમપૂર્વક કલ્યાણ પથમાં આગળ વધારે છે. તો આવી મહાન વિભૂતિ કે જે ખરા અર્થમાં સંત છે તેને અમૃત અને ઝેર, અર્થાત્ સારું-નરસું, સજ્જન-દુર્જન જેમાં રહેલ છે તેવી ધરતી, ધરતીના લોકો નમન કરે છે. આમ, સંતો અમૃત પામે છે. કલ્યાણપથમાં આગળ વધી મનુષ્યજન્મ સાર્થક કરવા માટે સંતો વિવિધ તાત્ત્વિક સમજણ સૌને સમજાવે છે. જેને બરાબર સમજી તે મુજબનું જીવન જીવી જન્મ સાર્થક કરી શકાય છે. જીવનમાં પ્રાપ્ત થતી ભૌતિક સંપત્તિ-સમૃદ્ધિ વિષે સંતો સમજાવતાં કહે છે કે,*

**''પાણી ભરાય નાવમાં, ઘરમાં વધે રૂપિયા;**
**બેઉ હાથ ઉલેચિયે, તો થવાય સુખિયા.''**

આપણે નાવમાં બેઠા હોઈએ અને નાવ સાગરમાં સડસડાટ જઈ રહી હોય, કોઈ કારણસર નાવમાં કાણું પડે, તો તે મારફતે નાવમાં પાણી ભરાવા લાગે છે. આ ભરાયેલા પાણીને બેય હાથે ઉલેચીને નાવમાંથી બહાર કાઢી નાંખવું જોઈએ. જો તેમ ન કરીએ તો ભરાયેલા પાણીના ભારથી નાવ અને આપણે ડૂબી જઈએ. તેવી રીતે પરમાત્માની કૃપાથી આપણા ઘરમાં આપણી સાચી જરૂરિયાત કરતાં સંપત્તિ વધે, તો તેનો સંચય કરવાના બદલે લોકકલ્યાણરૂપી સત્કર્મમાં તેને વાપરી નાખવી જોઈએ. જો આમ કરવાના બદલે, તેનો સંચય જ કરીશું તો આપણાં બાળકો બહેકી જશે. કુસંગતમાં તેમનું જીવન બરબાદ થઈ જશે. આપણે પણ તેની સાચવણીની સતત ચિંતાના કારણે અજંપાભર્યું જીવીશું. આપણી આજુબાજુ સ્વાર્થી લોકોનું ટોળું ફર્યા કરશે. તેઓ આપણને સંપત્તિનો સત્કર્મોરૂપી સદ્‌વ્યય કરતાં અટકાવશે. આમ. આપણું ઘર-પરિવાર જરૂરિયાત કરતાં વધુ પડતી સંપત્તિના ભારથી ડૂબશે. તો, આપણી અને આપણા પરિવારની આવી ગતિ ન થાય અને સુખ-શાંતિપૂર્વક જીવી શકાય તે માટે કબીરજીએ કહ્યું છે કે,

"સાંઈ ઉતના દીજિયે, જામે કુટુંબ સમાય;
મૈં ભી ભૂખા ન રહું, સાધુ ન ભૂખા જાય."

કબીરજી કહે છે કે, હે પરમાત્મા, અમારી ઉપર કૃપા કરીને અમને એટલું જ આપ કે જેથી કુટુંબ-પરિવારનું સારી રીતે પાલનપોષણ થાય. વળી, અમારા આંગણે જે કોઈ અતિથિ આવે તેનું પણ સારી રીતે સ્વાગત કરી શકીએ. આનાથી અમને સહેજ પણ ઓછું કે વધુ આપશો નહીં. જો ઓછું આપશો તો પૂરતું મેળવવાની ચિંતામા અટવાયેલો રહીશ અને જો વધુ આપશો તો હું અહંકારી થઈ જઈશ. અમારી વૃત્તિઓ અવળા માર્ગે વળશે. ખોટા સ્વાર્થી મિત્રો-સગાં-સ્નેહીઓ અમારા અહંકારને પોષશે. બાળકો પણ કુસંગે ચડશે. આમ, અમારા પરિવારનું નૈતિક અધઃપતન થશે. પરિણામે મનુષ્યજન્મને સાર્થક કરવા કલ્યાણપથમાં આગળ વધવાના બદલે ભયંકર યાતનાદાયક જન્મ-મૃત્યુના ચકરાવારૂપી અધોગતિની ઊંડી ખાઈમાં ધકેલાઈ જઈશું. જીવનમાં સાચાં સુખ-શાંતિનો સહેજ પડછાયો પણ પ્રાપ્ત થશે નહીં. સમગ્ર જીવનમાં માત્ર દુઃખ જ પ્રાપ્ત થશે. પરિણામે, પરિવારની જીવનરૂપી નૌકા સંસાર-મહાસાગરમાં ડૂબી જશે. આ બધી વાતો તમારા માટે નવી નથી. વર્ષોથી તમે સતત સાંભળી રહ્યા છો. અમે પણ તમને વારંવાર સંભળાવી રહ્યા છીએ. કેમકે, કલ્યાણપથમાં આગળ વધી, મોક્ષરૂપી અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરી, મનુષ્યજીવન સાર્થક કરવા માટે આ બધી સાચી સમજણની તાત્ત્વિક વાતો જીવનમાં અતિઉપયોગી અને સહાયરૂપ છે. વળી, દરેક વખતે તેમાં તાત્ત્વિક સમજણની નવીનતમ વિચારધારાનો, પરમાત્માની પ્રેરણાથી ઉમેરો થતો હોય છે. એથી સૌની સમજણ વધુ ને વધુ વિશાળ અને દૃઢ થતી રહે. તેને સૌ વધુ ને વધુ સચોટ રીતે સમ

થોભણભાઈનો કેટલો મોટો પરિવાર છે, છતાં પણ બધાં સંપથી સંયુક્ત રીતે રહે છે. આ ભરકલિયુગમાં આવી રીતે રહેવું તે કાંઈ નાની વાત નથી. જ્યારે આપણામાં ખૂબ ઊંચી સમજ અને એકબીજા માટે ત્યાગની ભાવના રહેલી હોય ત્યારે જ આ શક્ય બને. વળી, આખા કુટુંબનાં નાનાં-મોટાં સૌ કોઈ પૂરેપૂરાં ગુરુનિષ્ઠ અને સત્કર્મી છે, તેથી જ સર્વેએ ભેગાં મળી ખૂબ જ પ્રેમ અને ઉત્સાહથી આજનો કાર્યક્રમ રાખ્યો છે. એમનું આ સત્કર્મ ભગવાનના ચોપડે અવશ્ય લખાશે જ. સમગ્ર પરિવારને ખૂબખૂબ ધન્યવાદ અને આશીર્વાદ છે. આવાં સત્કર્મો સતત કરતા રહો. સાથે સાથે જીવનમાં પૂરેપૂરા સાવધાન રહો કે જેથી વધારાની સંપત્તિ સત્કર્મોમાં વાપરી શકાય, જેથી જીવનનૈયા સંસારમહાસાગરમાં ડૂબે નહીં. પરમકૃપાળુ પરમાત્માની કૃપા સૌ ઉપર સતત વરસી રહી છે એના કારણે જ આપણે આવા સાત્ત્વિક કલ્યાણકારી પથ ઉપર ડગલાં ભરી શકીએ છીએ. ભલે એકએક કરીને ધીરેધીરે ડગલાં ભરીએ. પરંતુ એક દિવસ મનુષ્યજીવનનું અંતિમ લક્ષ્ય, જે મોક્ષ છે તેને અચૂક પામી શકીશું. કેમકે, આપણે જે દિશામાં ડગ ભરી રહ્યા છીએ તે દિશા આપણા ધ્યેયને પામવા માટેની સાચી દિશા છે. તો પરમાત્માની, ગુરુ-સંતોની કૃપાથી તમારા સૌનું સાચી દિશામાં આગળ વધવાનું સતત ચાલુ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. પરમાત્મા સૌને આગળ વધવામાં ખૂબખૂબ સહાય કરે, જેથી દિશા ચૂકી જવાય નહીં. સાથે સાથે પરમાત્મા આપ સૌનું રક્ષણ કરો છો તેમ અમારું પણ સદા રક્ષણ કરજો, જેથી સત્કર્મો દ્વારા કલ્યાણના માર્ગે નિર્વિઘ્ને આગળ વધી શકીએ.

સૌને ખૂબ ખૂબ આશિષ.
સર્વેને જય નારાયણ.
સત્ય ધર્મગુરુ દેવકી જય,
ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર.
ઓમ્...ઓમ્...ઓમ્...

## પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન
### તા. ૨૭-૪-૨૦૧૩ - સેટેલાઈટ
**સ્થળ : શ્રી અમરતભાઈ પટેલ. નિધિ બંગલો, સેટેલાઈટ.**

*સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.*

*સર્વેનું ખૂબખૂબ સ્વાગત-વંદન-અભિનંદન-આશિષ.*

*"પંચાસીમા શુભેચ્છાવર્ષની ઉજવણી નિમિત્તે આયોજિત થયેલ દરેક કાર્યક્રમ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે થાય, વધુ ને વધુ લોકો તેનો લાભ લઈ કલ્યાણમાર્ગમાં આગળ વધી મનુષ્યજન્મ સાર્થક કરવા પ્રેરાય, તે માટે તમો સૌ ખૂબ જ સમજણપૂર્વકનો પુરુષાર્થ કરી રહ્યા છો તે માટે સૌને ખૂબખૂબ ધન્યવાદ. અમારી જન્મતિથિ વદ દશમ છે, તેથી વર્ષ દરમ્યાન દરેક મહિનાની વદ દશમે ઓમ્ પરિવાર ટ્રસ્ટની ઓફિસે સાંજે ચારથી રાત્રીના બાર સુધી "ગુરુમહિમા"ના અખંડ પાઠ કરવાનો કાર્યક્રમ રાખેલ છે. તેવી જ રીતે અમારી જન્મતારીખ સત્તાવીસ હોવાથી દર મહિનાની સત્તાવીસ તારીખે જુદાજુદા ભક્તોના ઘરે સ્વાધ્યાય-સત્સંગ, આદ્યગુરુદેવ અભિષેકયજ્ઞ તથા ગુરુજીનાં આશીર્વચનનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં તમે સૌ આજે તારીખ સત્તાવીસ એપ્રિલના રોજ શ્રી અમરતભાઈના ઘરે સ્વાધ્યાય-સત્સંગ, આદ્યગુરુદેવ અભિષેકયજ્ઞ તથા આશીર્વચનના કાર્યક્રમની ઉજવણીમાં અલૌકિક લાભ લેવા ઉપસ્થિત થયા છો અને બધા લોકકલ્યાણકારી કાર્યક્રમોનું જે આયોજન કરી રહ્યા છો તે વેઠ-પૂર્વક નહીં, પરંતુ ખૂબ જ સાચી સમજણપૂર્વક પ્રેમ-ઉત્સાહ અને એકસંપથી કરી રહ્યા છે તે ખૂબ જ આનંદની વાત છે. અવસ્થાના કારણે તબિયત નરમ-ગરમ રહેતી હોવાથી અમે પ્રત્યક્ષરૂપે તમારા સૌ વચ્ચે ઉપસ્થિત રહી શકતા નથી, તેમ છતાં તમે સૌ જે ભાવવિભોર થઈ કાર્યક્રમ ઊજવી રહ્યા છો તે અમે પરોક્ષ રીતે અનુભવી શકીએ છીએ. તમે સૌ લોકકલ્યાણ માટે પ્રેમથી અથાક પુરુષાર્થ કરી રહ્યા છો તે પણ ઉત્તમ પ્રકારનું સત્કર્મ જ છે. કોઈ પણ પ્રકારનું સત્કર્મ ચાહે વેઠપૂર્વક કરીએ કે પ્રેમપૂર્વક કરીએ તોપણ તેનું ફળ અવશ્ય મળે જ છે. વેઠ-પૂર્વક કરવામાં આવતા સત્કર્મનું જે કાંઈ ફળ પ્રાપ્ત થાય છે તે પ્રેમપૂર્વક કરવામાં આવતા સત્કર્મના ફળથી ઘણું જ ઓછું પ્રાપ્ત થાય છે. આમ, જો આપણે સત્કર્મ કરવું જ છે, તો પછી શા માટે વેઠ પૂર્વકકરીએ અને પ્રેમપૂર્વક ન કરીએ? તેથી જે કાંઈ સત્કર્મ કરીએ તો પ્રેમ અને નિષ્ઠાપૂર્વક કરી તેનું પૂરેપૂરુ ફળ પ્રાપ્ત કરવા સદા તત્પર રહેવું જોઈએ. તમે સૌ પણ સત્કર્મરૂપી લોકકલ્યાણના કાર્યક્રમની ઉજવણી પ્રેમપૂર્વક કરી મહત્તમ ફળ પ્રાપ્ત કરી જ રહ્યા છો. તો પરમાત્માને ખૂબખૂબ પ્રાર્થના કરીએ કે, સૌને આવા લોકકલ્યાણના કાર્યક્રમોરૂપી સત્કર્મ આચરવા માટે ખૂબ જ શુધ્ધ બુદ્ધિ આપે, જેથી મોક્ષમાર્ગમાં વણથંભ્યા આગળ વધવા માટે આવા કાર્યક્રમો વધુ ને વધુ કરી શકાય. તમો સૌ જેમના આંગણે કાર્યક્રમની ઉજવણી માટે ઉપસ્થિત થયા છો તે અમરતભાઈ તથા તેમનું આખું કુટુંબ ખૂબ જ ગુરુપ્રેમી છે. વળી, તેમનો સ્વભાવ પણ ઘણો-જ ઉમદા છે. એ જનસેવામાં લાગેલા રહે છે. તે માટે ઊભી થતી એક પણ તક જતી કરતા નથી. તેઓએ પોતાના ઘરે "શુભેચ્છાવર્ષ"નો કાર્યક્રમ રાખવાની તક ઝડપી લીધી, તેને જતી કરી નહીં, કારણ કે, તેમાં જ તેમના મતે સાચો આનંદ છે. તેઓ સમજે છે કે, પોતાના ઘરે સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ થાય, તે નિમિત્તે ગુરુજીના ભક્તો પધારે, સૌ ભેગા મળી સાત્ત્વિક આનંદનો લહાવો લે તે તો મહાભાગ્યની વાત કહેવાય. તો આવા સત્સંગપ્રેમી અમરતભાઈ તથા તેમના કુટુંબને ખૂબખૂબ આશિષ અને ધન્યવાદ છે. જે લોકો ખરેખર કલ્યાણપથના પથિક છે તેઓને મન સત્સંગ-સ્વાધ્યાય-ભજન-કીર્તન-ગુરુ-સંતોનું વિશેષ મહત્ત્વ છે. કેમકે, જે ઘરે સત્સંગ-સ્વાધ્યાય-ભજન-કીર્તન થાય છે, પોતાના ઘરે ગુરુ-સંતોની પ્રેમથી પધરામણી કરે છે, તેમનું સ્વાગત કરે છે, પોતે પણ ગુરુ-સંતો પાસે જાય છે આમ ગુરુ-સંતોના વધુમાં વધુ સાનિધ્યમાં રહેવાનો પ્રયત્ન કરે છે તે ઘરનું વાતાવરણ અતિપવિત્ર હોય છે. ત્યાં જતાં જ મનમાં શાંતિ મળતી હોય છે. વળી, તે ઘરનાં પરિવારજનો પણ પરસ્પર નિખાલસ પ્રેમભાવથી રહેતાં હોય છે. એકબીજા માટે સૌના મનમાં ત્યાગની ભાવના રહેલી હોય છે. આખું કુટુંબ ઘરમાં કિલ્લોલ કરતું-આનંદથી રહેતું હોય છે. પરંતુ, જે ઘરમાં ઉપર મુજબનું કાંઈ થતું નથી અને માત્ર ભૌતિક સમૃદ્ધિને જ મહત્ત્વ આપવામાં આવે છે, ભૌતિક સમૃદ્ધિના ઉપભોગમાં જ સુખ-શાંતિ-આનંદ પામવા મથતા હોય છે, ભજન-કીર્તન-ગુરુ-સંતોમાં સહેજ પણ રુચિ હોતી નથી તે ઘરમાં રહેનારાના આચારવિચાર કલુષિત હોય છે. ત્યાં પ્રેમ-શાંતિ-આનંદ જેવું કાંઈ હોતું નથી. સાત્ત્વિક્તા-પવિત્રતા-નિર્મળતા-વિનય-વિવેક ત્યાંથી દૂર રહે છે. આ વાતને સમજાવતાં કહ્યુ છે કે,*

**"જા ઘર કથા ન હરિ કીર્તન, સંત નહી મિજમાના;**
**તા ઘર યમને ડેરા દીના, શામ પડે સમસાના.**
**મેરી મેરી કરત હૈ મૂરખ, મીટા ન માન-ગુમાના;**
**સાધુ-સંતકી સેવા ન કિન્હી, કીસ બીધ હોત કલ્યાણા."**

*કેટલીબધી સમજવા લાયક, ગહન તાત્ત્વિક વાતને એકદમ સરળ રીતે રજૂ કરવામાં આવી છે! કહ્યુ છે કે, જે ઘરમાં કથા-કીર્તન, પ્રભુની ભક્તિ કાંઈ થતું નથી, એમાં રહેનારના આચારવિચાર સાત્ત્વિક હોતા નથી, સત્ય અને ધર્મમય જીવન જીવવામાં તેમને જરાપણ રુચિ હોતી નથી, તેઓ અસત્ય અને અધર્મમય દંભી જીવન જીવતા હોય છે, વળી, આવા લોકો ગુરુ-સંતોને પોતાના ગણી પોતાના ઘરે પધારવા પ્રેમથી આમંત્રિત કરતા નથી, ગુરુ-સંતોની સદા ઉપેક્ષા જ કરે છે તેમનાથી દૂર જ રહે છે. જે ગુરુ-સંતો આપણને ચોર્યાસીના ચક્કરમાંથી છોડાવી કલ્યાણપથમાં આગળ વધવા માટે સાચી સમજણનું ભાથુ બંધાવે છે. તો પછી આવા સદાચાર રહિત ઘરની - ઘરમાં રહેનારની સ્થિતી કેવી હોય? આવા ઘરમાં યમરાજાએ ધામા નાંખ્યા હોય તેવી સ્મશાનવત્ સ્થિતિ હોય છે. સંયમ-નિયમ રહિત સ્વચ્છંદી જીવવાને પરિણામે અનેક રોગના ભોગ બને છે. ઘણી વાર અકાળે મૃત્યુને ભેટે છે. બાપ રહે અને બેટો જાય એવી પરિસ્થિતિ સર્જાય છે. ઘરમાં રહેનારમાં પ્રેમ-આનંદ-નિર્મળતા-વિનય-વિવેક-સાત્ત્વિક્તા-પવિત્રતા જેવા કલ્યાણપથમાં આગળ વધવામાં સહાયક એવા સદ્‌ગુણોનો સદંતર અભાવ હોય છે. પરસ્પર ત્યાગની ભાવના મરી ગઈ હોય છે. ઘરમાં સતત ક્લેશમય-કલુષિત વાતાવરણ છવાયેલું રહે છે. જીવનમાંથી સુખ-શાંતિ દૂર જતાં રહ્યાં હોય છે. આવું ઘર સ્મશાન જેવું લાગે છે. વળી, આવા લોકોને ગુરુ-સંતોની સેવાનો અમૂલ્ય લાભ લેવાનો જરા પણ વિચાર જ આવતો નથી. અહીં આપણે "ગુરુ-સંતોની સેવા"ના અર્થને તાત્ત્વિક રીતે સમજવાનો છે. ગુરુ-સંતોના પગ દબાવવા, ઘરમાં કચરો વાળવો, કપડાં ધોવાં કે બીજી જે કાંઈ પણ સ્થૂળ સેવા કરીએ તે સેવા જ કહેવાય. પરંતુ, સાચી સેવા તેને જ કહેવાય કે જ્યારે આપણે ગુરુ-સંતોના જેવું-વધુ ને વધુ સંયમ-નિયમવાળું જીવન જીવીએ. લોકકલ્યાણને જ જેમણે પોતાનું કર્તવ્ય ગણ્યું છે તેવા આ ગુરુ-સંતોનાં લોકકલ્યાણનાં કાર્યોમાં તન-મન-ધન-વિચાર-વાણી-વર્તનથી કાર્યરત રહેવા સદા તત્પર રહેવું તે સાચી સેવા છે. આવા લોકકલ્યાણના ભેખધારી ગુરુ-સંતોથી વિમુખ થઈ મારું,તારું,ઈર્ષા,કપટથી ભરેલું અસત્યમય જીવન જીવવુ, મિથ્યા અભિમાનમાં રાચવુ, આવા દુર્ગુણોથી ખદબદતું જીવન જીવીએ, તો આપણું કેમે કરીને કોઈપણ કાળે કલ્યાણ થતું નથી. આપણું જીવન સદા દુઃખમય જ બની રહે છે. જન્મ-બચપણ-જુવાની-બુઢાપો-મૃત્યુ-આમ, જન્મમરણના ચકરાવામાં અનેક પ્રકારની દારુણ યાતનાઓને ભોગવતા ફર્યા કરીએ છીએ. જીવનમાં અનેક કડવા અનુભવ થયા પછી પણ જો આપણે સાવચેત-સજાગ થઈએ નહીં, તો પછી આપણું કોઈપણ કાળે કલ્યાણ થાય જ નહીં. માટે આપણને સાવચેત કરવા આવા સાત્ત્વિક-આધ્યાત્મિક પ્રસંગોનું આયોજન કરવામાં આવે છે. તો તેમાં ઉપસ્થિત રહીને આપણે આપણી જીવનશૈલી પ્રત્યે સજાગ-સાવધાન થઈ જઈએ. જેમ વીજળીનો ઝબકારો થતાં માત્ર એક ક્ષણ પૂરતું જ અજવાળું ફેલાય છે તો તેટલા સમયમાં આપણે મોતીમાં વિના વિલંબે દોરો પરોવી દઈએ અને મનુષ્ય- જીવનની સાર્થકતા માટેની જે પણ તક જીવનમાં પ્રાપ્ત થાય તેને તે જ ક્ષણે ઝડપી લઈ તે માટે કાર્યરત થઈ જવું જોઈએ. એક ક્ષણનો પણ વિલંબ કરવો જોઈએ નહીં. આ વાતને સમજાવતાં અનુભવીઓએ કહ્યું છે કે,*

**"કલ કરે સો આજ કર, આજ કરે સો અબ;**
**પલ-પલ બીતા જાત હૈ, ફીર કરેગા કબ?"**

*મનુષ્યજન્મ સાર્થક થયો ત્યારે જ કહેવાય કે, જ્યારે આ જન્મે જ મોક્ષ પ્રાપ્ત કરી શકીએ. તે માટે સત્ય અને ધર્મને સહારે સંયમ-નિયમવાળું જીવન જીવતા રહી જીવનમાં વધુ ને વધુ સત્કર્મનું આચરણ કરવું જોઈએ. આમ, સત્ય અને ધર્મમય-સત્કર્મરૂપી નૌકાને સહારે જીવનરૂપી મહાસાગરમાં તરી મોક્ષરૂપી કિનારે પહોંચી શકાય છે. તેથી જીવનમાં જ્યારે પણ સત્કર્મ કરવાની ઈચ્છા જાગે કે તક મળે તો તેને તરત જ ઝડપી લઈ અમલ કરી દેવો જોઈએ. કાલે કરીશું કે હમણાં પછી કરીશું એમ વિચારી વિલંબ કરવો જોઈએ નહીં. કેમકે, જીવનનો કોઈ જ ભરોસો હોતો નથી. તે ક્યારે સમાપ્ત થઈ જાય તેનું કાંઈ જ નક્કી નથી. માટે સત્કર્મનું આચરણ કરવામાં વિલંબ કરવામાં આવે અને તે દરમ્યાન મૃત્યુ આવી જાય તો પાછા "પુનરપિ મરણમ્ પુનરપિ જનનમ્, પુનરપિ જનનીજઠરે શયનમ્". એવા જન્મ-મરણના ચકરાવે ચઢી જઈએ. તેથી ગુરુ-સંતોની, પરમાત્માની કૃપાથી સત્કર્મ કરવાની મળી આવેલ તકને તરત જ ઝડપી તેનો તે જ ક્ષણે અમલ કરી દેવો જોઈએ. આવી તક ત્યારે જ પ્રાપ્ત થાય કે, જ્યારે આપણે પૂરી શ્રધ્ધા-ભક્તિ-પ્રેમ-નિષ્ઠાપૂર્વક ભવસાગરતારક એવા સાચા ગુરુ-સંતોના*

સાંનિધ્યમાં રહીએ તો. આવા ગુરુ-સંતો તો સદાય નિજાનંદમાં-પરમાનંદમાં મસ્ત રહેતા હોય છે. તેઓ આ ભૌતિક જગતમાં રહેવા છતાં પણ જળકમળવત્ રહે છે. તેમનું જીવન અને સ્વભાવ પણ વિરલ હોય છે. આમ, ગુરુ-સંતોના સ્વભાવ અને જીવન માટે અનુભવીઓએ કહ્યુ છે કે,

**"સાધુ એસા ચાહિયે, જૈસા સૂપ શુભાય;**
**સાર-સાર કો ગ્રહી રહે, થોથા દિયે ઉડાય."**

ગુરુ-સંતોનો સ્વભાવ કેવો છે? સૂપડા જેવો છે. જેમ સૂપડામાં અનાજ લઈને તેને ઝાટકવામાં આવે તો ચોખ્ખું અનાજ સૂપડામાં રહે છે અને તેની અંદર રહેલો કચરો સૂપડામાંથી બહાર ફેંકાઈ જાય છે. આ જગતમાં સારા-નરસા, સદ્‌ગુણી-દુર્ગુણી, સજ્જન-દુર્જન એમ બન્ને પ્રકારના લોકો રહેતા હોય છે. ગુરુ-સંતો સારા-સદ્‌ગુણી-સજ્જનલોકો અને સદ્‌ગુણોને પોતાનામાં સમાવે છે અને નરસા-દુર્ગુણી-દુર્જન લોકો અને દુર્ગુણોરૂપી ગંદકીને દૂર ધકેલી દે છે અને પોતાના ભક્તોને પણ તેમ કરવાની શીખ આપે છે. આથી ગુરુ-સંતોનો સ્વભાવ સૂપડા જેવો છે. આવા લોકકલ્યાણને વરેલા સાચા ગુરુ-સંતો સમાજમાંની દુર્ગુણોરૂપી ગંદકીને દૂર કરી સ્વચ્છ સમાજના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપે છે. આવા ગુરુ-સંતોના જીવન માટે કહ્યું છે કે,

**"સાધુ એસા ચાહિયે, ઉદર સમાતા લે;**
**આગે પીછે હરિ ખડે, જબ ચાહે તબ દે"**

ગુરુ-સંતો કોઈ પણ ચીજ, ચાહે ભોજન હોય, વસ્ત્ર હોય, રહેવા માટેનું રહેઠાણ હોય કે બીજી જે પણ જરૂરિયાત હોય તે પોતાને ખપપૂરતી જ લે છે, ક્યારે પણ કશાયનો સંચય કરતા નથી, પોટલાં બાંધતા નથી. કોઈ એમ કહે કે, ગુરુ-સંતો આશ્રમ બનાવે છે. વાસ્તવમાં તો તેમને પોતાના માટે આશ્રમ બનાવવાની કોઈ જ જરૂર નથી હોતી. કેમકે, તેઓ તો સમગ્ર વિશ્વને-પૃથ્વીને આશ્રમ માને છે. તેમનો તો આશ્રમ હોય કે ન હોય, તેનાથી કાંઈ જ ફરક પડતો નથી. પરંતુ આશ્રમ બનાવવા પાછળ તેમનામાં લોકકલ્યાણની ભાવના રહેલી હોય છે. કેમકે, લોકો આશ્રમમાં આવી ત્યાંના પવિત્ર વાતાવરણમાં જેટલો સમય રહે તેટલો સમય સંયમ-નિયમવાળું સાદું-સાત્વિક જીવન જીવે. આશ્રમમાં થતાં સ્વાધ્યાય-સત્સંગ-ભજનકીર્તનમાં ભાગ લે અને ઘરે ગયા પછી પણ આશ્રમ જેવું જીવન જીવવા પ્રેરાય, તો તેથી તેમનું કલ્યાણ થાય. પરંતુ આશ્રમ બનાવ્યા પછી ગુરુ-સંતોને અનુભવાય કે આશ્રમમાં લોકકલ્યાણની ભાવના જળવાતી નથી, તો એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના આ ગુરુ-સંતો ભક્તો દ્વારા પોતે બનાવેલા આશ્રમનો સદા માટે ત્યાગ કરતાં અચકાતા નથી. પરમાત્મામાં સદા લીન રહેતા આવા ગુરુ-સંતો પોતાની ચારેબાજુ પરમાત્માની હાજરી સતત અનુભવી રહ્યા હોય છે. તેઓને મનમાં દૃઢ શ્રધ્ધા અને વિશ્વાસ હોય છે કે, પોતાને જ્યારે પણ જેની જરૂર હશે તે પરમાત્મા અવશ્ય પૂરી કરશે. આમ, તેઓ પરમાત્મામાં એકલીન થઈ અપરિગ્રહયુક્ત જીવન જીવે છે. આપણે પણ ગુરુસંતોનું સાચું સાંનિધ્ય ત્યારે જ કેળવ્યું ગણાય કે જ્યારે આપણે પણ તેમના જીવનમાંથી શીખ લઈ શક્ય તેટલું વધુમાં વધુ તેમના જેવું જીવન જીવવા પ્રયત્નશીલ રહીએ. જો તેમ ન કરીએ અને માત્ર ભૌતિક સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિને જ જીવનનું ધ્યેય માની, કોઈપણ રીતે તેનો વધુ ને વધુ સંચય કરવા માટે હવાતિયાં મારીએ, તો આપણે ધિક્કારને પાત્ર છીએ. તેથી તુલસીદાસજીએ કહ્યું છે કે,

**"પ્રભૂભજનમેં આલસી, ભોજનમેં હોશિયાર;**
**તુલસી એસે જીવકો, લાખ બાર ધિક્કાર."**

મનુષ્યઅવતાર મળ્યો છે તો તેમાં મુખ્ય ભજન કરવાનું છે. હવે આપણે જીવનભર પ્રભુભજન કરીએ જ નહીં અને માત્ર ભોજન કરવામાં જ તત્પર રહીએ, તેને લક્ષમાં રાખી તે માટે જ સદા પ્રવૃત્ત રહીએ, તો, તેવા લોકોને તુલસીદાસ ધિક્કારે છે. આવું જીવન જીવનાર ધિક્કારને પાત્ર છે એમ કહે છે. આ વાતને આપણે તાત્ત્વિક રીતે સમજવાની છે. મનુષ્ય-પશુ-પક્ષી એ ત્રણ મુખ્ય યોનિમાં મનુષ્ય યોનિને શ્રેષ્ઠ કહી છે. કેમકે, મનુષ્યજન્મે જ ભજન કરી શકાય છે. પશુ-પક્ષી તે કરી શકતાં નથી. તો, આ ભજન એટલે શું? ભજન કરવું એટલે મનુષ્યજન્મે સત્ય અને ધર્મના સહારે સંયમ-નિયમવાળું જીવન જીવતાં જીવતાં વધુ ને વધુ સત્કર્મોના આચરણ દ્વારા કલ્યાણપંથમાં આગળ વધતા રહી મોક્ષરૂપી એક અને અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરી મનુષ્યજન્મને સાર્થક કરવો. તો મનુષ્યજન્મે મોક્ષને પામવા માટે સત્કર્મોરૂપી સાધન-ભજન કરવામાં આળસ અર્થાત્ ઉપેક્ષા રાખે એ મનુષ્યજન્મ સાર્થક કરવા માટે અંતરાયરૂપ છે. અને ભોજન કહેતાં ભૌતિક ભોગો ભોગવવામાં જ મગ્ન રહે કે જે ભૌતિક ભોગો મોક્ષમાર્ગમાં આગળ વધવામાં બાધક છે. તો, આવું જીવન જીવનારાઓનો મનુષ્યઅવતાર એળે જાય છે. આવું જીવન જીવનારા ધિક્કારને પાત્ર છે તેમ ગુરુ-સંતો કહે છે. તેથી પરમાત્માની, ગુરુ-સંતોની કૃપાથી મનુષ્ય જન્મે જે સંપત્તિ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે તેનો પોતે એકલાએ

જ મોજ-શોખ અને વૈભવી જીવન જીવી મૃગજળ સમાન આભાસી સુખ-શાંતિ પામવાના આશયથી ઉપભોગ કરવો જોઈએ નહીં. પરંતુ, પોતે સુખ-શાંતિપૂર્વક જીવન જીવી શકે તેટલી સંપત્તિનો પોતે ઉપભોગ કરવો જોઈએ અને તેનાથી વધારાની સંપત્તિનો લોકકલ્યાણરૂપી સત્કર્મોના આચરણમાં ઉપયોગ કરવો જોઈએ તો જ જીવનમાં સંતોષપૂર્વક સાચાં સુખ-શાંતિ પામી શકાય. આ વાતને સમજાવતાં કહ્યુ છે કે,

**''પાણી ભરાય નાવમાં, ઘરમાં વધે રૂપિયા;**
**બેઉ હાથે ઉલેચીએ, તો થવાય સુખિયા.''**

અમારા પંચાસીમા વર્ષને ''ગુરુદેવ શુભેચ્છાવર્ષ'' તરીકેની ઉજવણી નિમિત્તે જે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યાં, અમારા માટે જે આસન રાખવામાં આવે છે તેની બરોબર પાછળ લગાવવા માટે જે ખાસ પડદો બનાવવામાં આવેલ છે, તે પડદાની સન્મુખ ઊભા રહીને જોઈએ તો, અમારા ફોટાની જમણીબાજુ ઉપર મુજબની લીટીઓ લખેલી છે. અત્યારે પણ તે પડદા ઉપર લખેલી લીટીઓ તમે વાંચતા હશો. તો અમારા આસન પાછળ લગાવવામાં આવેલ આ પડદો બનાવવામાં મુખ્ય યોગદાન અમરતભાઈનું જ છે. જેમના આંગણે તમે સ્વાધ્યાય-સત્સંગ, અભિષેકયજ્ઞમાં ભાગ લેવા ઉપસ્થિત થયા છો. આપણા આધ્યાત્મિક પરિવારના કાર્યમાં તેઓ પણ ખૂબ જ રસપૂર્વક સતત સાથ-સહકાર આપી રહ્યા છે. તો આ જે લીટીઓ લખેલી છે—

**''પાણી ભરાય નાવમાં, ઘરમાં વધે રૂપિયા;**
**બેઉ હાથ ઉલેચીએ, તો થવાય સુખિયા.''**

તેમાં શું કહેવામાં આવ્યું છે? આપણે નૌકામાં બેસી સમુદ્રમાં જઈ રહ્યા છીએ. તે સમયે કોઈ પણ કારણસર નૌકામાં કાણું પડે, તો તે મારફતે નૌકામાં પાણી ભરાવા લાગે. હવે આ નૌકામાં ભરાયેલા પાણીને આપણે બે હાથથી ઉલેચીને નૌકામાંથી બહાર ફેંકી દઈએ નહીં, તો આ ભરાયેલા પાણીના ભારથી અંતે નૌકા અને આપણે સમુદ્રમાં ડૂબી જઈએ. તેવી જ રીતે આપણા ઘરમાં આપણે સુખશાંતિપૂર્વક, સંતોષકારક રીતે જીવી શકીએ તે માટે જરૂરી ધન-સમૃદ્ધિ કરતાં પણ જો વધારે ધન-સંપતિ ભેગી થાય અને તે વધારાની સંપત્તિને આપણે સદ્‌માર્ગે વાપરીએ નહીં અને સંચય કર્યા કરીએ, તો જરૂરિયાત કરતાં વધારાની સંપત્તિના ભારથી આપણે અને આપણું આખું કુટુંબ ડૂબે. કઈ રીતે? જરૂરિયાત કરતાં વધારાની સંપત્તિના કેફમાં આપણે, આપણું કુટુંબ, બાળકો સ્વચ્છંદી-બેફામ બની જઈએ, સારાસારનાં વિવેક મર્યાદાને ભૂલી જઈએ, આપણા બાળકો કુસંગે ચડી જાય. આપણી આજુબાજુ સ્વાર્થી લાલચુ લોકોનું ટોળું વીંટળાયેલું રહે. તેઓ પોતાના થોડાક સ્વાર્થ ખાતર આપણને સદ્‌માર્ગે જવા ન જ દે. સ્વચ્છંદી રહેણીકરણીના કારણે આપણે અનેક રોગના ભોગ બનીએ છીએ. આપણી અને પરિવારજનોની અધોગતિ થાય છે. આમ, આખો પરિવાર જરૂરિયાત કરતાં વધુ એકઠી થયેલી સંપત્તિના ભારથી સંસારમહાસાગરમાં ડૂબી જાય છે, એમનો મનુષ્યજન્મ એળે જાય છે. તેથી જરૂરિયાત કરતાં વધારાની સંપત્તિને પ્રેમપૂર્વક છૂટથી લોકકલ્યાણરૂપી સદ્‌માર્ગે વાપરી સત્કર્મોનું ભાથું જીવનમાં વધુ ને વધુ બાંધવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તો જ કલ્યાણમાર્ગમાં આપણે આગળ વધી મનુષ્યજન્મ સાર્થક કરી શકીએ. આમ, આધ્યાત્મિક માર્ગમાં અગ્રેસર થવા માટે આપણે અપરિગ્રહી થવું જોઈએ, એટલે કે સંચયવૃત્તિથી દૂર રહેવુ જોઈએ. અનુભવીઓએ કહ્યું છે કે, ''અતિ સર્વત્ર વર્જયેત્''. જીવનમાં જરૂરિયાત કરતાં વધુ હોય તો તેનો ત્યાગ કરવો. આ ત્યાગ પ્રેમપૂર્વક સત્કર્મોના આચરણ દ્વારા કરવો જોઈએ. આપણે જીવનમાં જે કાંઈ સારાં-ખોટાં કર્મ કરીએ છીએ તેની નોંધ સર્વવ્યાપક પરમાત્માના ચોપડે નોંધાઈ જાય છે અને યોગ્ય સમયે કર્માનુસાર આપણને સુખ-દુઃખ ભોગવવાં પડે છે. આ વાતને સમજાવતાં અનુભવીઓએ કહ્યુ છે કે,

**''રામ ઝરુખે બૈઠ કર, સબકા મુજરા લેત;**
**જૈસી જીસકી કરની, વૈસા ઉસકો દેત.''**

શું કહ્યું છે? પરમાત્મા તો સર્વવ્યાપક છે. સમગ્ર બ્રહ્માંડમાં તેમનો વાસ છે. આ સર્વવ્યાપક પરમાત્મા દરેકે-દરેકના જીવનની ગતિવિધિ સતત જોઈ રહ્યા છે. તેમનાથી છાનું કાંઈ જ નથી. તેથી આપણા દ્વારા જે કાંઈ સારાં-ખોટાં કર્મ કરવામાં આવે છે તે તેમના ચોપડે નોંધાઈ જાય છે. પછી ભલેને આપણે તે કર્મ ગમે તેટલી છૂપી રીતે કરીએ. આમ, આપણા દ્વારા જે કાંઈ સારાં-નરસાં કર્મ કરવામાં આવે છે તે કર્મને અનુરૂપ ફળ આપણે યોગ્ય સમયે સુખ-દુઃખસ્વરૂપે અવશ્ય ભોગવવાં પડે છે. આમ, આપણે જે કાંઈ કર્મ કરીએ તે ઊંડા ભોંયરામાં કે, સો માળની ઈમારતના છેક ઉપરના માળે જઈને કે, અમાસની ઘોર અંધારી રાતના અંધકારમાં જઈને કરીએ, અને એવું માનીએ કે તેની કોઈને જાણ થશે નહીં. તો તે આપણું અજ્ઞાન છે. પરમાત્મા તો સર્વોપરિ છે. તેમની જાણ બહાર કાંઈ જ હોતું નથી. તેથી જ જીવનમાં વધુમાં વધુ સત્કર્મોનું

આચરણ પ્રેમપૂર્વક કરીને મનુષ્યજન્મે મુખ્ય ધ્યેય-જે મોક્ષને પામવાનું છે તે માટે-સતત પુરુષાર્થ કરવામાં લાગી જવું જોઈએ. શાસ્ત્રોમાં મોક્ષ માટે અનેક નામ દર્શાવ્યાં છે. જેવાં કે, કૈવલ્ય મુક્તિ, અક્ષરધામ, સાકેત, અમરાપુરી, ઓઘડઘાટ વગેરે વગેરે. તો મુખ્ય વાત છે મોક્ષ અર્થાત્ કૈવલ્યને પામાવાની. પતંજલી મુનિએ કૈવલ્યની સ્થિતિ વિશે કહ્યુ છે કે, કૈવલ્યની સ્થિતિમાં માત્ર આત્મા જ હોય છે. અર્થાત્ આત્મસ્થ સ્થિતિ હોય છે. નથી હોતું પંચમહાભૂતનું શરીર કે નથી હોતી એક પણ ઈન્દ્રિય કે નથી હોતું સ્થૂળ-સૂક્ષ્મ જગત. જ્યાં કેવળ માત્ર આત્મસ્થ સ્થિતિ જ હોય. ત્યાં નથી હોતાં કોઈપણ જાતનાં કર્મ અને ફળસ્વરૂપ દુન્વયી સુખ-દુઃખ. આમ, જગતનાં સુખ-દુઃખથી મુક્ત થઈ પછી માત્ર આત્યંતિક સુખ જ રહે છે. આત્યંતિક સુખ એટલે એવું સુખ કે જેની પ્રતિક્રિયા રૂપે દુઃખ હોતુ નથી, માત્ર સુખ જ હોય છે. બાકી, જગતનાં તમામે તમામ સુખ અંતે દુઃખમાં જ પરિણમે છે. જ્યારે આત્મામાં લીન થઈ નિજાનંદ-પરમાનંદની મસ્તીમાં એકલીન થઈ જવાય છે ત્યારે આવી સ્થિતિની પ્રાપ્તિ થવી તેનું જ નામ મોક્ષ-કૈવલ્ય. પછી આત્મા અને પરમાત્મા જુદા રહેતા નથી. પરંતુ, એક જ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા રહે છે. આ પરમચૈતન્યસ્વરૂપ પરમાત્મા માટે પતંજલી મુનિએ કહ્યુ છે કે, "તસ્ય વાચકઃ પ્રણવઃ", એનો અર્થ થાય છે નિર્ગુણ-નિરાકાર એવા પરમચૈતન્ય સ્વરૂપ પરમાત્માનો બોધક પ્રણવ-ઓમ્ છે. આમ પ્રણવ-ઓમ્ એ પરમાત્માની ઓળખ - નામ છે. આ પરમ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એ ત્રણે કાળના ગુરુજનોના પણ ગુરુદેવ છે. તે આદ્યગુરુદેવ છે. તો આપણા શુભેચ્છા વર્ષની ઉજવણીના સ્વાધ્યાય-સત્સંગના કાર્યક્રમમાં "આદ્યગુરુદેવ અભિષેકયજ્ઞ"નો કાર્યક્રમ ગોઠવી દેવામાં આવ્યો છે. તો સૌએ એકલીન થઈ ભાવપૂર્વક તેમાં ભાગ લેવાનો છે. પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી દરેક કાર્યક્રમની જેમ, આજે પણ મનુષ્યજન્મ સાર્થક કરવા માટેની સાચી સમજણની ઘણી તાત્ત્વિક વાતોરૂપી સત્સંગ થયો. અમે આ બધી વાતો તમારા સૌ સમક્ષ ફરી-ફરીને સતત કરી રહ્યા છીએ. એથી તમે આ વાતોને બરાબર સમજી જીવનમાં ઉતારી મનુષ્યજન્મ સાર્થક કરો. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે, તે માટે સૌને શક્તિ-સન્મતિ આપે. તમો સૌ આ માટે પ્રેમપૂર્વક સતત પુરુષાર્થ કરી રહ્યા છો તેનો અમને ખૂબ જ આનંદ છે. અંતમાં સર્વેને ખૂબખૂબ ધન્યવાદ. ખૂબખૂબ આશિષ.

સર્વેને જયનારાયણ. સત્ય ધર્મ ગુરુ દેવકી જય
ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર.
ઓમ્... ઓમ્... ઓમ્...

# પત્રાંશ

**(૧) સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ**

તા. ૨૬-૧૨-૧૩

પરમ પૂજ્યશ્રી ગુરુદેવ યોગભિક્ષુજી,

આપના તરફથી શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે ૩૫મો ઓમ ગુરુ ઓમ ધ્વજારોહણ મહોત્સવ તથા ભિક્ષુબોધોત્સવનું આમંત્રણ મળ્યું.

દરેક શુભ અવસર પર આપ યાદ કરો છો તે અમારાં સદ્ભાગ્ય છે. આપની સદ્ભાવના માટે આભાર.

મહોત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થાય, આપનું તથા પધારેલ ભાવિક ભક્તોનું સ્વાસ્થ્ય સદાય સારું રહે, ને સનાતન હિન્દુધર્મ તથા ભારતીય સંસ્કૃતિ વધારવાનું બળ આપના દ્વારા અનેકને પ્રાપ્ત થાય, તેવી ભગવાન તથા સંતોના ચરણોમાં પ્રાર્થના.

સાધુ સ્વયંપ્રકાશદાસ (ડૉ. સ્વામી)ના જય શ્રીકૃષ્ણ, જય સીતારામ, જય જિનેન્દ્ર, જય સ્વામિનારાયણ, જય હિન્દ.

પૂ.શ્રી સાધુ સ્વયંપ્રકાશદાસ, ડૉ. સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર; શાહીબાગ, અમદાવાદ.

**(૨) હરિઓમ્ આશ્રમ, નડિયાદ**

કોઈ પણ વિધિ કરતાં કરતાં ઉત્સાહ કે ઉમંગમાં, ક્રિયામાં કશું ઊલટાસૂલટી થાય કે કશી ભૂલ થાય તો ભય પામવાની જરૂર નથી. ક્રિયા કરવામાં મન વધુ એકાગ્ર રહે એ માટે આપણા કર્મકાંડી પુરોહિતોએ અમુક પ્રકારની ભૂલોથી ગંભીર પરિણામોના ભય દર્શાવેલા હશે એમ અનુમાન કરી શકાય. પરંતુ, પૂ. મોટાપ્રેરિત આ વિધિમાં ક્રિયા માત્ર પ્રતીક છે, પણ એની પાછળની ભાવના અને ભાવ મહત્ત્વનો છે.

એથી એ પ્રાર્થનાનું માત્ર ઉપરછલ્લું જ રટણ ન થાય એટલી કાળજી રાખવી જરૂરી છે. વળી, પ્રાર્થનામાં રહેલા ભાવ મુજબનું આપણું જીવન વહે એવી જાગૃતિ માટે પુરુષાર્થ કરતા રહેવાનું છે. પૂ. શ્રીએ પ્રેરેલી વિધિઓનું આ હાર્દ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત પર રહ્યા કરે એ વધારે મહત્ત્વનું છે.

હરિઓમ આશ્રમ, નડીઆદ.

### (૩) પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી), પોરબંદર

સુફલ મનોરથ હોઉ તુમ્હારે'

પ્રિય સ્વજન,

જય શ્રીકૃષ્ણ,

આપકે યહાં હો રહે મંગલ પ્રસંગ પર હાર્દિક અભિનંદન ઔર હૃદય કી શુભ કામના.

આશિષ.

રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) પોરબંદર.

### (૪) પ્રેરણાદાયી પત્ર - રશ્મિબેન (વલસાડ)

પરમ પૂજ્યશ્રી ગુરદેવ.

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

હરહંમેશ, હરપળે, હરક્ષણે યાદ કરનાર, આપનું સ્મરણ કરનાર વલસાડ ઓમ્ પરિવારનાં બેટા-બેટી-શિષ્યો સૌના જય નારાયણ.

ગુરુદેવ આપનાં ૮૪ વર્ષ પૂરાં થઈ ગયાં અને ૮૫મા વર્ષમાં પ્રવેશ થયો. ઓમ્ ભગવાનને દિલથી પ્રાર્થના કરીએ છીએ કે આપ અમારી સાથે હમેશ માટે સાથે રહો. ઓમ્ ભગવાન આપની તબિયત તંદુરસ્ત રાખે. ગુરુદેવ આપ નીરોગી રહો અને સદા માટે અમારા પર આશીર્વાદ વરસાવતા રહો એવી પ્રભુને પ્રાર્થના.

ગુરુદેવ અમને આ જન્મે આપ મળ્યા. અમે પણ કેટલા ભાગ્યશાળી છીએ કે આપના જેવા ગુરુદેવ અમને મળ્યા. ગુરુદેવ આપની યાદ ખૂબ જ આવે છે. ગુરુદેવ આપ અમારી જિંદગીમાં આવ્યા પછી જ જે કાંઈ અમારો ઉદ્ધાર થવાનો હતો તે થયો. બાકી અમારી પાસે હતું જ શું? જે કઈ છે એ આપે જ આપ્યું. આપના લીધે જ અમને બધું જે જોઈતું હતું તે મળ્યું. આપના સાંનિધ્યમાં ૨૫ વર્ષ પૂરાં થયાં છે. હવે આપે જે કઈ જ્ઞાન આપ્યું છે તેના થકી ચાલીએ છીએ. કૂતરું કરડે પણ તેને ના કરડાય. આપણે કરડ્યાનો ઉપચાર કરાય. શીખ આપી આવી સદાય શરણે લેજો રે. ગુરુદેવ આપે અમને કેવી રીતે જીવવાનું તે શીખવ્યું. મા-બાપ પણ અમારું ધ્યાન રાખી શકયાં નથી એટલું આપે અમારુ ધ્યાન રાખ્યું છે.

ગુરુદેવ, અમને આપની પાસે જ રહીએ એવું થાય છે. આપનાં દર્શન કરીએ એટલે અમને જન્મોજન્મનાં દર્શન કર્યાનો આનંદ થાય. અમે જ્યારે પણ ''ધર્મમેઘ''માં આવીએ છીએ ત્યારે, ક્યારે અમદાવાદ આવી જાય છે તેની ખબર પડતી નથી. કેટલા કિલોમીટરનું અંતર કપાઈ ગયું તેનો ખ્યાલ આવતો નથી. બસ, ગુરુદેવ રાહ જોતા હશે, ગુરુદેવ આરામમાં હશે, એમ કરતાં કરતાં અમદાવાદ આવી જાય અને પછી આપનાં દર્શન કરીએ એટલે અમારો બધો થાક ઊતરી જાય. પરંતુ આપની તબિયત સારી ન હોય તો થોડી તકલીફ પણ થાય. અમને એમ થાય કે ગુરુદેવને આપણે હેરાન કરીએ છીએ. ગુરુદેવ-આપ તંદુરસ્ત રહો એ જ અમારા માટે બધું છે.

હવે તો છોકરીઓ પણ મોટી થઈ ગઈ છે. ગુરુદેવ! પહેલી વાર આપનાં દર્શન થયાં ત્યારે છોકરાં જન્મેલાં પણ ન હતાં. હવે ૨૪ વર્ષ પૂરાં થઈ ગયાં તો પણ ખબર ના પડી. બાળકો આપની આંગળી પકડીને ચાલતાં હતાં. આપની પાછળ દોડતાં હતાં. સમય કેટલો પસાર થઈ ગયો, ખબર ના પડી. હજુ પણ અમે ફોટા જોઈએ ત્યારે સંસ્મરણો યાદ કરીએ કે ગુરુદેવ આપણે ત્યાં પધારતા ત્યારે કેટલી મજા આવતી! ગુરુદેવ! આપનામાં કેટલી શક્તિ હતી કે આપ ચાલતા ત્યારે બધાએ પાછળ દોડવું પડતું. તીથલના દરિયાકિનારે જ્યારે પણ જઈએ ત્યારે આ જગ્યાએ ગુરુદેવ બેસતા અને બધા નાહતા. ગુરુદેવ વાતો કરતાં અને સાંભળતાં કેટલી મજા આવતી? રોજ સાંજે દરિયાકિનારે આપના સાંનિધ્યમાં બેસવાનું.

ગુરુદેવ આપ પાછા પધારો-અમારા ''યોગભિક્ષુ કૃપા''ના આંગણામાં. અમે સદા માટે આપની રાહ જોઈને બેઠા છીએ.

હવે તો ગુરુદેવ, આપે અમને બધું જ આપી દીધું છે. રહેવા માટે ઘર, ફરવા માટે ગાડી અને ખરચવા માટે રૂપિયા. કોઈની પણ કમી રાખી નથી. આપ પહેલીવાર આવ્યા ત્યારે આમાંની એક પણ વસ્તુ અમારી પાસે હતી નહીં. આપ આવ્યા પછી જ બધું આવ્યું એ હું ઘડી ઘડી વારે રટણ કરું છું. હવે તો ગુરુદેવ બે છોકરી સારી જગ્યાએ સેટ થઈ જાય અને બધાં તંદુરસ્ત રહે એ જ પ્રાર્થના. ગુરુદેવ ટાઈમ મળે આવી જઈશું. આપને ફોન કરીશું. રાહ જોશો નહીં. ભૂલચૂક માફ કરશો. આપની તબિયત સાચવશો.

આપની બેટી, રશ્મિના જયનારાયણ.

# પરમ લક્ષ્ય - પરમાત્મા

- પ્રવીણ શાહ

*દિલ્હી, હરિદ્વાર, ઋષિકેશ વગેરે સ્થળોનો ૧૪ દિવસનો પ્રવાસ પૂરો કરીને હું અમદવાદ આવ્યો. બીજા દિવસે ગુરુવાર હોવાથી શ્રી ગુરુદેવનાં દર્શન કરવા અને પગે લાગવા ''ધર્મમેઘ''માં ગયો. સાંજનો સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ ચાલતો હતો.*

*શ્રી ગુરુદેવ આગળના મુખ્ય રૂમમાં ખુરશી પર બિરાજમાન હતા. તેઓની પાસે બે ગુરુપ્રેમી સદ્‌ગૃહસ્થો બેઠા હતા. તેઓ બન્નેનાં શ્રીમતીજી બાજુમાં સોફા ઉપર બેઠાં હતાં. યોગેશભાઈ અને ભારતીબેન રસોડાના બારણા આગળ ઊભાં રહીને સત્સંગની વાતો સાંભળતાં હતાં. હું જઈને શ્રી ગુરુદેવને પગે લાગ્યો - બારણા આગળ વરંડામાં બેઠો. શ્રી ગુરુદેવ કહે ''તમે આવી ગયા? અમને તમારી ચિંતા થતી હતી. આવો, બેસો''. હું બારણા આગળ બેઠો. શ્રી ગુરુદેવ કહે ''આમ નજીક બેસો જેથી સત્સંગની વાતો સાંભળી શકાય.'' પછી પેલા બે ભાઈઓ સાથે સત્સંગ આગળ વધારતાં પૂછ્યું કે 'હા, તો શી વાત ચાલતી હતી?' એક ભાઈએ કહ્યું : ''ગુરુજી! અમે અમારો નવો ધંધો ચાલુ કરીએ છીએ. તેની વાત કરવા અને આપના આશીર્વાદ લેવા આવ્યા છીએ.''*

*શ્રી ગુરુદેવ કહે : બરાબર છે. જીવનમાં આપણે કાંઈક નવું કામ હાથ પર લઈએ ત્યારે મનમાં ઘણીબધી ગડમથલ ચાલતી હોય, તર્કવિતર્ક થયા કરે. એના સમાધાન માટે વડીલોની સલાહ લેવાનું તથા આપણા શ્રધ્ધેય ગુરુ-સંતોનું માર્ગદર્શન લેવું - આશીર્વાદ લેવા એ સ્વાભાવિક છે. તમે બંન્ને પણ તમારા સોના-ચાંદીના દાગીનાના ચાલુ ધંધાનો વિકાસ કરવા તથા હીરા-મોતીના ઝવેરાત (ડાયમંડ જ્વેલરી)ના એક્સપોર્ટ-ઈમ્પોર્ટનું કામકાજ કરવા જઈ રહ્યા છો તે સારી વાત છે. બહું મોટુ સાહસનું કામ છે. મોટા ધંધામાં મળતર પણ મોટું હોય અને જોખમ પણ મોટું હોય એટલે સંભાળીને કામકાજ કરવું જોઈએ. બંન્ને ભાઈઓ હાથ જોડીને ગુરુજીને પગે લાગ્યા અને ગુરુજીના આશીર્વાદ મળે તેવી ઈચ્છા વ્યક્ત કરી.*

*શ્રી ગુરુદેવ કહે : અમારા આશીર્વાદ તો આપની સાથે છે જ. વળી, આપ બન્ને ભાઈઓ ઘણા જ ધર્મપ્રેમી અને ગુણગ્રાહી છો, એટલે તો અહીં સુધી અમારા આશીર્વાદ લેવા માટે આવ્યા છો.*

*શ્રી ગુરુદેવે ''ઓમ્ ગુરુ ઓમ્''નાં બે સ્ટીકરો અને બીજી કેટલીક પ્રસાદી બંન્ને ભાઈઓને આપી. સ્ટીકર પરનું લખાણ શ્રી ગુરુદેવે વાંચ્યું અને કહ્યું કે,*

**''પરમગુરુ પરમાત્માની, પ્રાપ્તિ તારું લક્ષ્ય પરમ;**
**પ્રગટાવ પ્રભુ જીવમાત્રમાં, એ જ તારો ધર્મ ચરમ.''**

*અમે તો સૌ કોઈને આ રીતના આશીર્વાદ આપીએ છીએ. મનુષ્યજન્મ મળ્યો છે તો તેને સાર્થક કરી લેવો જોઈએ. જીવનભર મહેનત કરતા રહીને ધન કમાવવું, સત્તા અને યશ મેળવવા અને વધારેને વધારે સત્કર્મો કરવા જોઈએ. જેથી કરીને માતાના ગર્ભવાસમાં ફરી ફરીને આવવું ના પડે. સંસારમાં રહીને આપણી સઘળી જવાબદારીઓ બરાબર નિભાવીએ પણ અંતિમ લક્ષ્ય તો પરમાત્માની પ્રાપ્તિનું હોવું જોઈએ.*

*આપણા સ્વાધ્યાય-સત્સંગમાં સાચી સમજણની વાતો કરતા હોઈએ છીએ.* **સાચી સમજણ એટલે જે જેમ છે તેને તેમ સમજી લેવું** *અને તે સાચી સમજણની સ્થિતિ કાયમ બની રહે. સત્યધર્મ ગુરુદેવ કી જય.*

*બંન્ને ભાઈઓ શ્રી ગુરુદેવને પગે લાગ્યા અને બે હાથ જોડીને કહ્યું કે, બહુ સારો સત્સંગ થયો ઊંચા પ્રકારની વાતો સાંભળવા મળી. સંતોનો રાજીપો મળે એ જ મોટા આશીર્વાદ છે.*

## જીવનમાં મોટામાં મોટું સુખ સમજણપૂર્વકનો સંતોષ છે.

- યોગભિક્ષુ

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

● **ટ્રસ્ટના ઉદ્દેશો**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે, તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણોના તથા પ્રેરક પ્રસંગોના લેખો આવકાર્ય છે.**

**લવાજમદર :**

| | | | |
|---|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં) | ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય (ભારતમાં) | ... | ₹ | ૫૦૦-૦૦ |
| વાર્ષિક સભ્ય (પરદેશમાં) | ... | $ | ૧૫-૦૦ |
| આજીવન સભ્ય (પરદેશમાં) | ... | $ | ૧૫૦-૦૦ |
| છૂટક નકલની કિંમત | ... | ₹ | ૧૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે**
**"રુતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર**
**કરવાનું સ્થળ :**


**(૧) ડૅા. સોમાભાઈ એ. પટેલ (સ.સ. ભિક્ષુ)**
૩/બ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**(૨) નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩. ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણિનગર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮


**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.


Registrar of News Papers of India under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
**AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST**
(Reg. No. E/4416 Date 11-5-81)
From : :-3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Naishadh Vyas
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09


To,


Web : www.aumparivar.com
E-mail : aumparivar@yahoo.com

Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar